**સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૪.**

# “કૌશલ્યા” ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧.

| કલમ | વિગત |
|---|---|
| ૧. | ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ. |
| ૨. | વ્યાખ્યા. |
| ૩. | યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન. |
| ૪. | યુનિવર્સિટીનું મુખ્ય મથક. |
| ૫. | યુનિવર્સિટીના ઉદ્દેશો. |
| ૬. | યુનિવર્સિટીની સત્તા અને કાર્યો. |
| ૭. | યુનિવર્સિટીના અધિકારીઓ. |
| ૮. | પ્રમુખ. |
| ૯. | મહાનિયામક (ડિરેક્ટર જનરલ). |
| ૧૦. | મહાનિયામક-ની સત્તા અને ફરજો. |
| ૧૧. | રજિસ્ટ્રાર. |
| ૧૨. | નિયામકો (ડિરેક્ટર્સ). |
| ૧૩. | ડીન. |
| ૧૪. | પરીક્ષા નિયંત્રક. |
| ૧૫. | યુનિવર્સિટીના અધિકારીમંડળો. |
| ૧૬. | સંચાલક મંડળ. |
| ૧૭. | બોર્ડના અધ્યક્ષની સત્તા. |
| ૧૮. | બોર્ડની સત્તા અને કાર્યો. |
| ૧૯. | બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત અને ખાલી જગાઓ. |
| ૨૦. | વિનિયમો કરવાની સત્તા. |
| ૨૧. | એકેડેમિક કાઉન્સિલ. |
| ૨૨. | એકેડેમિક કાઉન્સિલની સત્તા અને કાર્યો. |
| ૨૩. | કૌશલ્ય વિકાસ કાઉન્સિલ. |
| ૨૪. | કૌશલ્ય વિકાસ કાઉન્સિલની સત્તા અને કાર્યો. |
| ૨૫. | નાણા સમિતિ. |
| ૨૬. | નાણા સમિતિની સત્તા અને કાર્યો. |

| | |
|---|---|
| **૨૭.** | યુનિવર્સિટીનું ફંડ. |
| **૨૮.** | હિસાબો અને ઓડિટ. |
| **૨૯.** | લિંગ, ધર્મ, વર્ગ, પંથ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે. |
| **૩૦.** | અધ્યાપકોની નિમણૂક. |
| **૩૧.** | પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ. |
| **૩૨.** | યુનિવર્સિટીના વિભાગ/વિદ્યાશાખા. |
| **૩૩.** | રાજ્ય સરકારની આદેશ આપવાની સત્તા. |
| **૩૪.** | ક્ષતિપૂર્તિ. |
| **૩૫.** | મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. |

**<u>GUJARAT BILL NO. 24 OF 2021.</u>**

**THE "KAUSHALYA" THE SKILL UNIVERSITY BILL, 2021.**

***A BILL***

*to establish and incorporate a Skill University in the State of Gujarat to facilitate and promote skill, entrepreneurship development and skill based education and for matters connected therewith or incidental thereto.*

<u>સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૪.</u>

"કૌશલ્યા" ધ સ્કિલ યુનિવર્સિટી વિધેયક, ૨૦૨૧.

*કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને કૌશલ્ય આધારિત શિક્ષણને સરળ બનાવવા અને પ્રોત્સાહન આપવા, ગુજરાત રાજ્યમાં કૌશલ્ય યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.*

યુવાનોમાં સ્કિલિંગ, રિસ્કિલિંગ અને અપસ્કિલિંગ દ્વારા ૨૧મી સદીની કૌશલ્યને લગતી ઉણપો દૂર કરવા અને કૌશલ્ય વિકાસ અને તાલીમમાં સંસ્થાકીય શિક્ષણ આપવાના માળખા પર ધ્યાન આપી શકાય તેવી સમન્વિત રીતે કૌશલ્ય શિક્ષણ અને તાલીમ, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને ટેકનોલોજી આધારિત શિક્ષણને સરળ બનાવવા અને તેને પ્રોત્સાહન આપવા અને રાજ્યના પ્રાથમિક, માધ્યમિક અને ટર્શરિ (તૃતીય) ઉદ્યોગના ઉભરતા ક્ષેત્રોમાં સંશોધનને સરળ બનાવવા તથા "સ્કિલિંગ ફોર ઓલ (સર્વાંગી કુશળતા)"ના હેતુથી, ગુજરાત રાજ્યમાં આ બાબત સાથે સંલગ્ન વિવિધ ક્ષેત્રોમાં સમગ્ર રીતે જરૂરી કૌશલ્ય સ્તર વિકસાવવા માટે, ગુજરાત રાજ્યમાં વિશ્વપ્રસિદ્ધ આનુભવિક અધ્યયન (પ્રાયોગિક શિક્ષણ) યુનિવર્સિટી સ્થાપવાનું અને તેને સંસ્થાપિત કરવાનું જરૂરી અને લાભકારી જણાયું છે.

આથી, ભારતના ગણરાજ્યના બોત્તેરમા વર્ષમાં નીચેનો અધિનિયમ કરવામાં આવે છે:-

૧. (૧) આ અધિનિયમ "કૌશલ્યા" ધ સ્કિલ યુનિવર્સિટી અધિનિયમ, ૨૦૨૧ કહેવાશે. ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ અને આરંભ.

(૨) તે સમગ્ર ગુજરાત રાજ્યને લાગુ પડે છે.

(૩) આ કલમ તરત જ અમલમાં આવશે અને બાકીની જોગવાઇઓ, રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નક્કી કરે તે તારીખે અમલમાં આવશે.

વ્યાખ્યા. ૨. આ અધિનિયમમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય, તો-

(ક) "બોર્ડ" એટલે કલમ ૧૬ હેઠળ રચાયેલું યુનિવર્સિટીનું સંચાલક મંડળ;

(ખ) "ડીન" એટલે કલમ ૧૩ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના ડીન;

(ગ) "મહાનિયામક (ડિરેક્ટર જનરલ)" એટલે કલમ ૯ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના મહાનિયામક;

(ઘ) "નિયામકો (ડિરેક્ટર્સ)" એટલે કલમ ૧૨ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીની સંસ્થાઓ અથવા કેન્દ્રોના નિયામકો;

(ચ) "(ભારત ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થા) (EDII) – અમદાવાદ" એટલે કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે ૧૯૮૩ના વર્ષમાં સ્થાપેલ સ્વાયત્ત અને નહિ-નફાના ધોરણે ચાલતી સંસ્થા;

(છ) "નાણા સમિતિ" એટલે કલમ ૨૩ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની નાણા સમિતિ;

(જ) "કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય" એટલે ભારત સરકારે સ્થાપેલું કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય;

(ઝ) "રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ કોર્પોરેશન" એટલે ભારત સરકારે, કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૮ હેઠળ સંસ્થાપિત કરેલી નહિ–નફાના ધોરણવાળી પબ્લિક લિમિટેડ કંપની;

(ટ) "રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખું" એટલે ભારત સરકારના નાણા મંત્રાલયના આર્થિક બાબતોના વિભાગે પ્રસિદ્ધ કરેલ તારીખ ૦૮/૦૬/૨૦૧૩ના જાહેરનામાથી જાહેર કર્યા પ્રમાણેનું કૌશલ્ય યોગ્યતા ખાતરી અંગેનું માળખું;

(ઠ) “પ્રમુખ” એટલે કલમ ૮ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના પ્રમુખ;

(ડ) “ઠરાવેલું” એટલે વિનિયમોથી ઠરાવેલું;

(ઢ) “રજિસ્ટ્રાર" એટલે કલમ ૧૧ હેઠળ નીમાયેલા યુનિવર્સિટીના રજિસ્ટ્રાર;

(ત) “વિનિયમો” એટલે અધિનિયમ હેઠળ બોર્ડ-એ કરેલા યુનિવર્સિટીના વિનિયમો;

(થ) “ક્ષેત્ર કૌશલ્ય કાઉન્સિલ" એટલે રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ કોર્પોરેશન મારફત, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલયે માન્ય કરેલી ક્ષેત્ર કૌશલ્ય કાઉન્સિલ;

(દ) “કૌશલ્ય વિકાસ કાઉન્સિલ” એટલે કલમ ૨૩ હેઠળ રચાયેલી યુનિવર્સિટીની કૌશલ્ય વિકાસ કાઉન્સિલ;

(ધ) “સોસાયટી (મંડળી)" એટલે મંડળી રજિસ્ટ્રેશન અધિનિયમ, ૧૮૬૦ અને ગુજરાત સાર્વજનિક ટ્રસ્ટ અધિનિયમ, ૧૯૫૦ હેઠળ રજિસ્ટર થયેલી ગુજરાત કૌશલ્ય વિકાસ સોસાયટી;

સન ૧૮૬૦નો ૨૧મો.
સન ૧૯૫૦નો મુંબઇનો

(ન) “રાજ્ય" એટલે ગુજરાત રાજ્ય;

(પ) “ટેકનિકલ પરીક્ષા બોર્ડ" એટલે ગુજરાત સરકારે સ્થાપેલું ટેકનિકલ પરીક્ષા બોર્ડ;

(ફ) “યુનિવર્સિટી” એટલે કલમ ૩ હેઠળ સ્થાપિત અને સંસ્થાપિત “કૌશલ્યા” ધ સ્કિલ યુનિવર્સિટી;

(બ) “યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન" એટલે યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ હેઠળ સ્થપાયેલું યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન;

સન ૧૯૫૬નો ૩જો.

(ભ) “યુનિવર્સિટી અધ્યાપક" એટલે યુનિવર્સિટીમાં અથવા કોઇ કોલેજ અથવા સંસ્થામાં પ્રશિક્ષણ આપવા, તાલીમ આપવા અથવા સંશોધન કરવા માટે નીમવામાં આવે તેવા પ્રાધ્યાપક (પ્રોફેસર), સહ-પ્રાધ્યાપક (અસોસિએટ પ્રોફેસર), મદદનીશ પ્રાધ્યાપક અને તેવી બીજી વ્યક્તિઓ.

યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન.

૩. (૧) " કૌશલ્યા" ધ સ્કિલ યુનિવર્સિટી - એ નામની એક યુનિવર્સિટી સ્થાપવામાં આવશે.

(૨) પ્રમુખ, સંચાલક મંડળ, કૌશલ્ય વિકાસ કાઉન્સિલ, નાણાકીય કાઉન્સિલ, મહાનિયામક, નિયામકો, ડીન, રજિસ્ટ્રાર અને હવે પછી એવા અધિકારીઓ અથવા સભ્યો બને તેવી બીજી તમામ વ્યક્તિઓથી, તેઓ પોતાનો હોદ્દો અથવા સભ્યપદ ધારણ કરવાનું ચાલુ રાખે ત્યાં સુધી, આથી, "કૌશલ્યા" ધ સ્કિલ યુનિવર્સિટી - એ નામનું સંસ્થાપિત મંડળ રચવામાં આવે છે.

(૩) યુનિવર્સિટી, તેમાં દાખલ થયેલા વિદ્યાર્થીઓને પદવી, ડિપ્લોમા અને પ્રમાણપત્ર એનાયત કરવા માટે, ખાસ કરીને એવી કોલેજો કે જે રાજ્યમાં કૌશલ્યને લગતી ઉણપને દૂર કરતી પદવી અને ડિપ્લોમા આપતી હોય, તેવી "સ્કિલ કોલેજ"–એ નામવાળી બીજી કોઈપણ કોલેજો અથવા સંસ્થાનું જોડાણ કરી શકશે.

(૪) યુનિવર્સિટી ઉપર્યુકત નામ ધરાવતું, શાશ્વત ઉત્તરાધિકાર અને સત્તાવાળું સામાન્ય સીલ ધરાવતું સંસ્થાપિત મંડળ રહેશે અને આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, તેને મિલકત સંપાદિત કરવાની અને ધરાવવાની અને મિલકતનો નિકાલ કરવાની અને કરાર કરવાની સત્તા રહેશે અને સદરહુ નામથી તે દાવો માંડી શકશે અને તેના ઉપર દાવો માંડી શકાશે.

યુનિવર્સિટીનું મુખ્ય મથક.

૪. યુનિવર્સિટીનું મુખ્ય મથક અમદાવાદ ખાતે રહેશે.

યુનિવર્સિટીના ઉદ્દેશો.

૫. યુનિવર્સિટીના ઉદ્દેશો નીચે મુજબના રહેશે:-

(ક) ઉદ્યોગો દ્વારા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્ય કૌશલ્ય શિક્ષણ અને તાલીમમાં ગુણવત્તાની એક અગ્રગણ્ય યુનિવર્સિટી તરીકે ઉભરી આવવું;

(ખ) સામાન્ય રીતે અને કૌશલ્ય શિક્ષણ અને તાલીમના ક્ષેત્રના સંબંધમાં માનવ જીવનની ગુણવત્તામાં વધારો કરવા માટે ટેકનોલોજી, વ્યવસ્થાપન અને પર્યાવરણના જ્ઞાનનો વિકાસ કરવો;

(ગ) કૌશલ્ય વિકાસને લગતા ક્ષેત્રોમાં શિક્ષણ, તાલીમ અને સંશોધન માટે વૈશ્વિક ધોરણનું માળખું વિકસાવવા ક્ષમતા કેળવવી;

(ઘ) પ્રગતિ અને ગતિશીલતાનો માર્ગ સુનિશ્ચિત કરવા, ઉચ્ચ શિક્ષણ સાથે કૌશલ્ય શિક્ષણને સમન્વિત અને સમગ્રતાલક્ષી રીતે વિકસાવવું;

(ચ) અન્ય કોઇ રાષ્ટ્રીય અથવા આંતરરાષ્ટ્રીય કોલેજ, સંસ્થા, સંગઠન , યુનિવર્સિટીઓ વગેરે સાથે કૌશલ્ય વિકાસના પ્રયત્નોને સહાયરૂપ બને તેવા તજજ્ઞોના જ્ઞાન અને પદ્ધતિની આપ-લે કરવી;

(છ) કૌશલ્ય વિકાસના ક્ષેત્રના સંબંધમાં શિક્ષણ અને તાલીમનું ઉચ્ચ ધોરણ સ્થાપિત કરી શકાય તે માટે શૈક્ષણિક સિદ્ધિના વિવિધ સ્તરે અધ્યાપન અને તાલીમનું માળખું વિકસાવવું;

(જ) કૌશલ્ય શિક્ષણના રાષ્ટ્રીય/રાજ્ય યોગ્યતા માળખા પ્રમાણે વિવિધ સ્તરે કૌશલ્ય પ્રાવીણ્ય અને યોગ્યતા ધરાવતા લાયક ઉમેદવારોનો વિકાસ કરવો;

(ઝ) કૌશલ્ય વિકાસ અને તેને સંલગ્ન ક્ષેત્રોના સંબંધમાં, વિજ્ઞાન, ટેકનોલોજી અને વ્યવસ્થાપનના ક્ષેત્રોમાં રાષ્ટ્રીય અને વૈશ્વિક ધોરણે ભાગ લેવા માટે પારસ્પરિક સંબંધ વિકસાવવાની જોગવાઇ કરવી; અને

(ટ) યુનિવર્સિટીમાં, રાષ્ટ્રીય અને વૈશ્વિક સ્તરે સમાજની જરૂરિયાત અનુસાર અધ્યાપન, તાલીમ અને સંશોધન વિકસાવવા માટે ઉદ્યોગો સાથે ગાઢ સંપર્ક પ્રસ્થાપિત કરવો;

(ઠ) કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં સરકારી, અર્ધસરકારી, જાહેર અને ખાનગી ઉદ્યોગોને માર્ગદર્શન પૂરું પાડવું;

(ડ) જરૂરી કૌશલ્ય અને સહાય પૂરી પાડીને, ઉદ્યોગસાહસિકો/કામે રાખી શકાય તેવા યુવાનો તૈયાર કરવા;

(ઢ) સેમિનારો, પરિષસો, વહીવટી શિક્ષણ કાર્યક્રમો, સામુદાયિક વિકાસ કાર્યક્રમો, પ્રકાશનો અને તાલીમ કાર્યક્રમો મારફત જ્ઞાન/કૌશલ્યનો પ્રસાર કરવો;

(ત) ક્ષમતા આધારિત કૌશલ્ય અને વ્યાવસાયિક શિક્ષણ અને તાલીમ માટે ક્રેડિટ માળખા ઘડવા;

(થ) તાલીમ કેન્દ્રની તાલીમ વિકસાવવા, મુખ્ય તાલીમ શિક્ષકોને, નવા તાલીમ શિક્ષકોના અનુશિક્ષણમાં પ્રવૃત રાખવા/ખાસ વિષય અથવા કૌશલ્ય સાથે અથવા રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખાની (NSQF) જરૂરિયાતોને ધ્યાને લઈ સમગ્ર તાલીમ સાથે ઓછા અનુભવી હોય તેવા હાલના તાલીમ શિક્ષકોના જ્ઞાન અને કૌશલ્યો અદ્યતન કરવા;

(દ) દરેક ક્ષેત્રમાં ગુણવત્તાવાળા તાલીમ શિક્ષકોને સતત પૂરા પાડવાનું સુનિશ્ચિત કરવા માટે ઉદ્યોગ આધારિત કૌશલ્ય કેન્દ્રો વિકસાવવાનો અને ઉભરતી ટેકનોલોજી પર વિશેષ ધ્યાન આપીને નિર્દિષ્ટ ક્ષેત્રોમાં ઉચ્ચ ગુણવત્તાની તાલીમ આપવા ખાસ તાલીમ કાર્યક્રમો યોજવા;

(ધ) શિક્ષણ અને તાલીમ પદ્ધતિઓ મારફત વિકસિત અને પ્રમાણિત કૌશલ્યની ગુણવત્તા અને સુસંગતતા સુધારવા માટે આંતરરાષ્ટ્રીય જોડાણ કૌશલ્ય કેન્દ્રો ગોઠવવા અને તે ઉપરાંત અસરકારક અને કાર્યક્ષમ ઉચ્ચ શિક્ષણ અને વ્યાવસાયિક શૈક્ષણિક અને તાલીમ પદ્ધતિ ઘડવી અને આધાર આપવો;

(ધ) ઠરાવવામાં આવે તેવા કોઈ અન્ય ઉદ્દેશો અનુસરવા.

યુનિવર્સિટીની સત્તા અને કાર્યો.

૬. આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટી નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે:

(ક) યુનિવર્સિટીનો વહીવટ અને સંચાલન કરવું અને યુનિવર્સિટીના ઉદ્દેશો આગળ ધપાવવા માટે સંશોધન, શિક્ષણ અને પ્રશિક્ષણ માટે જરૂરી હોય તેવી સંસ્થાઓ અને કેન્દ્રો સ્થાપવા;

(ખ) યુનિવર્સિટી દ્વારા અથવા રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખા દ્વારા વ્યાખ્યાયિત કરવામાં આવે તેવા વિવિધ સ્તરે કૌશલ્યના અભ્યાસક્રમ પેકેજ વિકસાવવા;

(ગ) યુનિવર્સિટીને યોગ્ય લાગે તેવા, ક્રેડિટ માળખા અને અભ્યાસક્રમ પેકેજ સાથે સુસંગત હોય તેવા, કૌશલ્ય તાલીમ, શિક્ષણ અને પ્રશિક્ષણના ધોરણો અને માપદંડો વ્યાખ્યાયિત કરવા;

(ઘ) રાષ્ટ્રીય કૌશલ્ય યોગ્યતા માળખા હેઠળ નિર્દિષ્ટ કરેલ ધોરણો અથવા યુનિવર્સિટી દ્વારા નિર્ધારિત કરવામાં આવે એવા બીજા ધોરણો અનુસાર કૌશલ્ય અધ્યાપકોના મૂલ્યાંકન અને માન્યતા અને તાલીમ માટે માપદંડો નિયત કરવા;

(ચ) પૂર્વ શિક્ષણની ઓળખ અને માન્યતા માટે, કૌશલ્ય શિક્ષણ અને તાલીમ પૂરી પાડવા પોતાની સંસ્થા અથવા કેન્દ્ર સ્થાપવા;

(છ) યુવકોના કૌશલ્ય સ્તરને વધારવા માટે અત્યાધુનિક પ્રાયોગિક તાલીમ પૂરી પાડે તેવા પોતાનું ઇન્ક્યુબેશન કેન્દ્ર, રિટેલ હાઉસ, સેવા કેન્દ્ર, સંશોધન અને વિકાસ કેન્દ્ર, ઉત્પાદન નમૂના કેન્દ્ર, ઇન્ડસ્ટ્રી ઓપરેટેડ સેન્ટર ઓફ એક્સેલન્સ (ગુણોત્કર્ષ કેન્દ્ર) અથવા કોઈ અન્ય કેન્દ્રોની સ્થાપના કરવી;

(જ) કૌશલ્ય, તાલીમ અને સંશોધનના આંતરરાષ્ટ્રીય ધોરણો પ્રાપ્ત કરવાના હેતુથી, ઉદ્યોગ માટે જરૂરી કૌશલ્યના સંબંધમાં, ટેકનોલોજી અને વ્યવસ્થાપનના ક્ષેત્રમાં નવી પધ્ધતિઓ અને ટેકનોલોજીમાં નવતર પ્રયોગો યોજવા;

(ઝ) અભ્યાસક્રમો ઠરાવવા અને ઓનલાઈન અને દૂરંતર શિક્ષણ સહિત શિક્ષણ પ્રથા અને શિક્ષણ આપવાની પધ્ધતિઓમાં પરિવર્તનશીલતા માટે જોગવાઇ કરવી;

(ટ) પરીક્ષાઓ યોજવી અને પદવીઓ, ડિપ્લોમા એનાયત કરવા અથવા યુનિવર્સિટી નક્કી કરે તેવી શરતોને અધીન રહીને, પ્રમાણપત્રો આપવા અને વ્યક્તિઓને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન અથવા ઇલકાબ એનાયત કરવા અને આવી કોઇ પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્રો અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન અથવા ઇલકાબ ઠરાવવામાં આવે તે રીતે પાછા ખેંચવા અથવા રદ કરવા;

(ઠ) માનદ પદવીઓ અથવા અન્ય વિશિષ્ટમાન ઠરાવેલી રીતે એનાયત કરવા;

(ડ) પોતાના ઉદ્દેશો આગળ ધપાવવા માટે યુનિવર્સિટીના અભિપ્રાય મુજબ જરૂરી હોય તેવા, સંશોધન અને પ્રશિક્ષણ માટેના વિશિષ્ટ કેન્દ્રો, વિશેષિત તાલીમ કેન્દ્રો અથવા અન્ય એકમો સ્થાપવા;

(ઢ) સંશોધન અને બીજા કાર્યના મુદ્રણ, નિર્માણ અને પ્રકાશન માટેની જોગવાઇ કરવી અને પ્રદર્શનો, વર્કશોપ, સેમિનારો, પરિષદ, વગેરે યોજવા;

(ત) કૌશલ્ય શિક્ષણ અને તાલીમની તમામ બાબતોમાં સંશોધન પુરસ્કૃત કરવા અને હાથ ધરવા;

(દ) વહીવટી વિકાસાત્મક કાર્યક્રમોની દરખાસ્ત કરવી;

(ધ) પોતાના જેવી અથવા સમાન પ્રકારના ઉદ્દેશોવાળી કોઇ શૈક્ષણિક સંસ્થાનો સહયોગ લેવો અથવા જોડાણ કરવું, સલાહ આપવી, વહીવટ કરવો, નિયંત્રણ કરવું, વિકાસ કરવો અને તેને નિભાવવી;

(ન) યુનિવર્સિટીના હોય તેવા જ સંપૂર્ણતઃ અથવા અંશતઃ ઉદ્દેશો ધરાવતી વિશ્વના કોઇપણ ભાગમાંની શૈક્ષણિક અથવા બીજી સંસ્થાઓ સાથે, અધ્યાપકો, વિદ્યાર્થી અને વિદ્વાનોના આદાનપ્રદાનથી અને સામાન્ય રીતે પોતાના સમાન ઉદ્દેશોને સહાયભૂત થાય તે રીતે સંપર્કો વિકસાવવા અને નિભાવવા;

(પ) યુનિવર્સિટીના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે વિશ્વના કોઈપણ ભાગમાંના અધ્યાપકો, સંશોધકો અને નિષ્ણાતો સાથે સંબંધો વિકસાવવા અને નિભાવવા;

(ફ) યુનિવર્સિટીના ખર્ચનું નિયમન કરવું, તેના નાણાનો વહીવટ કરવો અને હિસાબો રાખવા;

(બ) યુનિવર્સિટીના હેતુઓ માટે અને જે ઉદ્દેશ માટે યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી હોય તેને સુસંગત રહીને, અનુદાન, આર્થિક સહાય, ફાળો, દાન અને બક્ષિસ મેળવવા અને કોઇપણ અનુદાન, તકનીકી સહાય મેળવવા અથવા અન્યથા કેન્દ્ર સરકાર, રાજય સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગસાહસિકતા મંત્રાલય, રાષ્ટ્રીય કૌશલ્ય વિકાસ કોર્પોરેશન અથવા બીજા સત્તામંડળો અથવા સંસ્થાઓ સાથે કોઇપણ કરાર કરવા;

(ભ) યુનિવર્સિટીના હેતુઓ અને ઉદ્દેશો માટે ઉદ્યોગો, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંગઠનો અથવા બીજા કોઇપણ સ્ત્રોતો તરફથી બક્ષિસ, દાન, સખાવત, વસિયત તરીકે અને જંગમ અને સ્થાવર મિલકતની તબદીલીથી ફંડ મેળવવા;

(મ) વિદ્યાર્થીઓના નિવાસ માટે ખંડો અને છાત્રાલયો અને યુનિવર્સિટીના અધ્યાપકો, અધિકારીઓ અને કર્મચારીઓ માટે આવાસ, અતિથિગૃહ અને શૈક્ષણિક માળખા સ્થાપવા, નિભાવવા અને તેનું સંચાલન કરવું;

(ય) યુનિવર્સિટીના વિદ્યાર્થીઓના નિવાસનું દેખરેખ અને નિયંત્રણ કરવું અને તેમની શિસ્તનું નિયમન કરવું અને તેમના આરોગ્ય અને સામાન્ય કલ્યાણ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને ઉત્તેજન આપવા માટે વ્યવસ્થા કરવી;

(ર) ઠરાવવામાં આવે તેવી ફી અને બીજા ખર્ચ નક્કી કરવા, માગવા અને લેવા અથવા વસૂલ કરવા;

(લ) અધ્યેતાવૃત્તિ (ફેલોશીપ્સ), શિષ્યવૃત્તિ, ઈનામો, ચંદ્રકો અને બીજા પારિતોષિકો શરૂ કરવા અને એનાયત કરવા;

(વ) યુનિવર્સિટીના હેતુ માટે જરૂરી અથવા અનુકૂળ હોય તેવી કોઇ જમીન અથવા ઈમારત અથવા બાંધકામ, યુનિવર્સિટી યોગ્ય ગણે તેવી બોલીએ અને શરતોએ ખરીદવા અથવા પટે લેવા અથવા બક્ષિસ પેટે લેવા અથવા અન્યથા સ્વીકારવા અને આવી કોઈ ઈમારત અથવા બાંધકામ બાંધવા, તેમાં ફેરફાર કરવા અને નિભાવ કરવા;

(ટ) યુનિવર્સિટી પોતે યોગ્ય ગણે તેવી અને પોતાના હિત, પ્રવૃત્તિઓ અને ઉદ્દેશોને સુસંગત હોય તેવી શરતોએ, રાજય સરકારની જાણ હેઠળ, પોતાની તમામ સ્થાવર મિલકતો કે તેના ભાગનો વિનિમય કરવો, પટે આપવી અથવા અન્યથા નિકાલ કરવો;

(કક) યુનિવર્સિટીની કોઈપણ જંગમ મિલકતોનું વેચાણ કરવુ, વિનિમય કરવો, પટે આપવી અથવા અન્યથા નિકાલ કરવો;

(કખ) વચનચિઠ્ઠીઓ, વિનિમયપત્રો, ચેક અથવા બીજા વટાઉખતો કાઢવા અને સ્વીકારવા, બનાવવા અને શેરો કરવા, વટાવવા અને તેને પરક્રામ્ય કરવા;

(કગ) જામીનખત (બોન્ડ), ગીરોખત, વચનચીઠ્ઠી પર અથવા યુનિવર્સિટીની તમામ અથવા કોઈપણ મિલકત અને અસ્કયામતો પર નાખેલી જવાબદારીઓ અથવા જામીનગીરીઓ અથવા કોઇ જામીનગીરી આધારિત અથવા કોઇ જામીનગીરી વગર અને પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ રાજય સરકારની જાણ હેઠળ, નાણા ઊભા કરવાની અને ઉછીના લેવાની અને નાણા ઊભા કરવાને અને પરત ચૂકવવાને અને ઉછીના લીધેલા કોઇ નાણા ભરપાઇ કરવાને આનુષંગિક તમામ ખર્ચ યુનિવર્સિટીના ફંડમાંથી ચૂકવવા;

(કઘ) યુનિવર્સિટીના હિતમાં પોતે યોગ્ય ગણે તેવી રીતે જામીનગીરીઓમાં અથવા જામીનગીરી પર યુનિવર્સિટીના ફંડનું રોકાણ કરવાની અને કોઇ રોકાણની વખતોવખત ફેરબદલી કરવાની; તબદીલી, ગીરો, પટા, પરવાના, કબૂલાતોને લગતા દસ્તાવેજો અને યુનિવર્સિટીની માલિકીની અથવા યુનિવર્સિટીના હેતુ માટે

યુનિવર્સિટીની સરકારી જામીનગીરીઓ સહિત સંપાદન કરવાની હોય તેવી સ્થાવર અથવા જંગમ મિલકત સંબંધી, બીજા દસ્તાવેજ કરવાની;

(કચ) યુનિવર્સિટીએ આપેલા અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ઠરાવેલી રીતે પ્રવેશ આપવાની;

(કછ) કૌશલ્ય વિકાસ, શૈક્ષણિક, ટેકનિકલ, વહીવટી, કારકુની અને અન્ય જગાઓ ઊભી કરવાની અને તેની પર નિમણૂક કરવાની;

(કજ) યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક કર્મચારીઓમાં શિસ્તનું નિયમન કરવાની અને પાલન કરાવવાની અને ઠરાવવામાં આવે તેવા શિસ્તવિષયક પગલાં માટેની જોગવાઈ કરવાની;

(કઝ) પ્રોફેસરશીપ, એસોસિયેટ પ્રોફેસરશીપ, આસિસ્ટન્ટ પ્રોફેસરશીપ, એન્ડોવ્ડ પ્રોફેસરશીપ, માનદ પ્રોફેસરશીપ, સંલગ્ન (એડજંક્ટ) પ્રોફેસરશીપ અને બીજી કોઇપણ અધ્યાપકીય, શૈક્ષણિક અથવા સંશોધનને લગતી જગાઓ શરૂ કરવાની અને તેના માટેની લાયકાતો ઠરાવવાની;

(કટ) વ્યક્તિઓને પ્રાધ્યાપકો (પ્રોફેસર્સ), અસોસિયેટ પ્રાધ્યાપકો, સંલગ્ન (એડજંક્ટ) પ્રાધ્યાપકો, મદદનીશ પ્રાધ્યાપકો, રજિસ્ટ્રાર અથવા અન્યથા યુનિવર્સિટીના અધ્યાપકો અને સંશોધકો તરીકે નીમવાની;

(કઠ) આ અધિનિયમની અને વિનિયમોની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીના કોઈપણ અધિકારી અથવા સત્તામંડળ, હુકમથી, (વિનિયમો કરવાની સત્તા સિવાયની) પોતાની અથવા તેની સત્તા, પોતાના અથવા તેના નિયંત્રણ હેઠળના કોઇપણ અધિકારી અથવા સત્તામંડળને સોંપી શકશે;

(કડ) કૌશલ્યમાં વિદ્યાર્થીઓની પ્રત્યક્ષ તાલીમના હેતુ માટે, ઉદ્યોગો અથવા તાલીમ કેન્દ્રોને માન્યતા આપવાની અને ક્રેડિટ મેળવવાના હેતુ માટે, ઉદ્યોગ અથવા તાલીમ કેન્દ્રમાં તેવી પ્રત્યક્ષ તાલીમમાં વિદ્યાર્થીએ મેળવેલી સક્ષમતાને માન્યતા આપવાના ધોરણો નક્કી કરવા;

(કઢ) અધ્યયનના પરિણામો સાથે સમાધાન કર્યા વિના નવી શીખવાની તકોને ઉત્તેજન આપવા ક્રેડિટની તબદીલી આપવાના ધોરણો ઠરાવવા;

(કત) યુનિવર્સિટી પોતાના તમામ અથવા કોઇપણ ઉદ્દેશો સિદ્ધ કરવા માટે અથવા ઉદ્દેશોની વૃધ્ધિ માટે જરૂરી, સહાયક અથવા તેને આનુષંગિક ગણે તેવા બીજા તમામ કાર્યો અને કૃત્યો કરવા;

(કથ) રાજ્ય સરકાર, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન, કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય, ટેકનિકલ શિક્ષણ માટેની અખિલ ભારતીય પરિષદ અને અન્ય વૈધાનિક સત્તામંડળોને, તેઓ દ્વારા વખતોવખત ફરમાવવામાં આવે તેવા અહેવાલો, પત્રકો, નિવેદનો અને અન્ય માહિતી યુનિવર્સિટીએ રજૂ કરવાની રહેશે;

(કદ) ઘટક/સંલગ્ન કોલેજો/વિભાગો/સ્કૂલ વગેરે અથવા અન્ય માન્ય યુનિવર્સિટીઓ માટે ક્રેડિટની શૈક્ષણિક બેંક સ્થાપવી.

યુનિવર્સિટીના અધિકારીઓ. ૭. યુનિવર્સિટીના અધિકારીઓ નીચે પ્રમાણે રહેશે:-

(ક) પ્રમુખ,
(ખ) મહાનિયામક (ડિરેક્ટર જનરલ),
(ગ) નિયામકો (ડિરેક્ટર્સ),
(ઘ) ડીન,
(ચ) રજિસ્ટ્રાર, અને
(છ) પરીક્ષા નિયંત્રક,
(જ) વિનિયમોથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે જાહેર કરવામાં આવે તેવી અન્ય વ્યકિતઓ.

પ્રમુખ. ૮. (૧) યુનિવર્સિટીના પ્રમુખની નિમણૂક રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવશે.

(૨) પ્રમુખ તરીકે નીમવાની વ્યક્તિ,-

(ક) કૌશલ્ય વિકાસ માટે લાંબા ગાળાનું વિઝન અને મિશન ધરાવતી પ્રતિષ્ઠિત ટેક્નોલોજિસ્ટ (પ્રોદ્યોગવિજ્ઞાની) અથવા ઉદ્યોગપતિ હોવી જોઇશે; અને

(ખ) વિકાસ, શિક્ષણ, દાનવૃતિ, ઔદ્યોગિક અથવા ધંધાકીય વિકાસના સંદર્ભમાં ગુજરાત સાથે જોડાયેલી હોવી જોઇશે; અને

(ગ) નામનિયુક્તિ અથવા પુન:નામનિયુક્તિની તારીખે પાંસઠ વર્ષની ઉંમરની હોવી જોઇશે નહિ.

(૩) પ્રમુખ, ત્રણ વર્ષની મુદત સુધી હોદ્દો ધરાવશે અને તે ફક્ત એક વધુ મુદત માટે (હોદ્દા ઉપર) પુન:નામનિયુક્તિ માટે પાત્ર રહેશે.

(૪) પ્રમુખ માટેની બીજી બોલીઓ અને શરતો, રાજ્ય સરકાર નક્કી કરે તેવી રહેશે.

(૫) પ્રમુખનો હોદ્દો મૃત્યુ, રાજીનામાના કારણે અથવા અન્યથા ખાલી પડે, ત્યારે ગુજરાત સરકાર, પેટા-કલમ (૨)ની જોગવાઇ અનુસાર પ્રમુખ તરીકે યોગ્ય વ્યક્તિની નિમણૂક કરશે, વચગાળાના સમયમાં રાજ્ય સરકાર પ્રમુખ તરીકે કાર્યકારી ફરજ બજાવવા યોગ્ય વ્યક્તિની નિમણૂક કરશે.

(૬) પ્રમુખ, રાજ્ય સરકારને સંબોધીને, પોતાની સહીથી લેખિતમાં, પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને આવું રાજીનામું, તે સ્વીકાર્યાની તારીખથી અમલમાં આવશે.

(૭) પ્રમુખને, આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, યુનિવર્સિટીનું, તેના મકાનો, છાત્રાલયો, ગ્રંથાલયો, સાધનસામગ્રીનું અને યુનિવર્સિટી દ્વારા નિભાવવામાં આવતી કોઇ સંસ્થા અથવા કેન્દ્રની કાર્યપદ્ધતિઓ અને કાર્યવાહીઓનું અને યુનિવર્સિટી દ્વારા હાથ ધરવામાં અથવા કરવામાં આવતી પરીક્ષાઓ, અધ્યાપન, સંશોધન અને બીજા કાર્યનું પણ, તેઓ આદેશ કરે તેવી વ્યક્તિ અથવા વ્યક્તિઓ દ્વારા, નિરીક્ષણ અથવા સમીક્ષા કરાવવાની અને યુનિવર્સિટીના વહીવટ, શૈક્ષણિક બાબતો અને નાણાંને લગતી કોઇપણ બાબતની તપાસ તે જ રીતે કરાવવાની સત્તા રહેશે.

૯. (૧) મહાનિયામકની નિમણૂક, શોધ (સર્ચ) સમિતિએ ભલામણ કરેલ ત્રણ નામોની પેનલમાંથી, બોર્ડ દ્વારા કરવામાં આવશે. મહાનિયામક (ડિરેક્ટર જનરલ).

(૨) બોર્ડ દ્વારા નામનિયુક્ત કરવાના, નીચેના સભ્યોની શોધ સમિતિ બનશે:-

(ક) પ્રતિષ્ઠિત ટેક્નોલોજિસ્ટ/ઉદ્યોગપતિ,

(ખ) કૌશલ્ય વિકાસમાં અનુભવ ધરાવતી પ્રતિષ્ઠિત વ્યકિત,

(ગ) બોર્ડના સભ્યો પૈકીનો એક સભ્ય.

(૩) મહાનિયામકની નિમણૂક, ટેકનોલોજી, વિજ્ઞાન, જાહેર વહીવટ, કૌશલ્ય વિકાસ અથવા સંચાલનના ક્ષેત્રમાંથી કરવામાં આવશે, અને નિમણૂકના સમયે તેમણે સાઠ વર્ષથી વધુ ઉંમર પૂરી કરેલી હોવી જોઇશે નહિ. તેઓ શિક્ષણ/કૌશલ્ય વિકાસના ક્ષેત્રમાં ઉચ્ચ પ્રતિષ્ઠા ધરાવતી વ્યક્તિ હોવી જોઇએ અને તેને આધાર આપવા માટે અર્થસૂચક ઓળખ હોવી જોઇશે.

(૪) બોર્ડ, શોધ સમિતિના સભ્યો પૈકીના એક સભ્યને સમિતિના અધ્યક્ષ તરીકે મુકરર કરશે.

(૫) મહાનિયામકના હોદ્દાની મુદત, બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવે તેમ ત્રણ વર્ષથી વધુ નહિ તેટલી મુદત રહેશે. તે માત્ર ત્રણ વર્ષથી વધુ નહિ તેટલી એક વધુ મુદત માટે તે હોદ્દા ઉપર ફેરનિમણૂક માટે પાત્ર રહેશે.

(૬) મહાનિયામકની કચેરીમાં કોઈ હોદ્દો ખાલી પડે અને આ કલમની પેટા-કલમો (૧) થી (૩) ની જોગવાઈઓ અનુસાર અનુકૂળતાથી અને સત્વરે ભરી શકાય તેમ ન હોય અને તેવી નિમણૂક પડતર હોય તે કિસ્સામાં, અગ્ર સચિવ અથવા યથાપ્રસંગ અધિક મુખ્ય સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ, ગુજરાત સરકાર, યુનિવર્સિટીના મહાનિયામક તરીકે કાર્ય કરશે.

(૭) મહાનિયામકની સેવાની અન્ય બોલીઓ અને શરતો, બોર્ડ દ્વારા ઠરાવવામાં આવે તેવી રહેશે અને એવી રીતે ઠરાવવામાં ન આવે ત્યાં સુધી પ્રમુખ દ્વારા નક્કી કરવામાં આવશે.

મહાનિયામક-ની સત્તા અને ફરજો.

૧૦. (૧) મહાનિયામક, યુનિવર્સિટીના મુખ્ય કારોબારી અધિકારી ગણાશે. તે એકેડેમિક કાઉન્સિલ, કૌશલ્ય વિકાસ કાઉન્સિલ અને નાણા સમિતિની બેઠકો ખાતે અધ્યક્ષસ્થાન લેશે.

(૨) પેટા-કલમ (૧)માં સમાવિષ્ટ જોગવાઇઓની વ્યાપકતાને બાધ આપ્યા સિવાય, મહાનિયામક-

(ક) યુનિવર્સિટીના કામકાજ પર સામાન્ય દેખરેખ અને નિયંત્રણ રાખશે;

(ખ) યુનિવર્સિટીના અધિકારીમંડળોના નિર્ણયોનું અમલીકરણ સુનિશ્ચિત કરશે;

(ગ) પ્રશિક્ષણ આપવા અને યુનિવર્સિટીમાં શિસ્ત જાળવવા માટે જવાબદાર ગણાશે; અને

(ઘ) આ અધિનિયમ અથવા વિનિયમોથી અથવા તે હેઠળ અથવા બોર્ડ અથવા પ્રમુખ તેમને સોંપે તેવી બીજી સત્તા વાપરશે અને બીજી ફરજો બજાવશે.

(૩) જેમાં તાત્કાલિક પગલાં લેવા જરૂરી હોય તેવી કોઇ તાકીદની બાબત હોય અને આ અધિનિયમ હેઠળ તેની તજવીજ કરવાની સત્તા જેને આપેલી હોય તેવા યુનિવર્સિટીના અધ્યક્ષ અથવા અધિકારીમંડળ અથવા મંડળ દ્વારા તેની તાત્કાલિક તજવીજ કરી શકાય તેમ ન હોય, ત્યારે મહાનિયામક, પોતે ઉચિત ગણે તેવા પગલા લઇ શકશે અને આવી બાબતની સામાન્ય ક્રમમાં જેણે તજવીજ કરી હોય તેવા યુનિવર્સિટીના અધ્યક્ષ અથવા અધિકારીમંડળ અથવા મંડળને પોતે આ રીતે લીધેલાં પગલાંનો તરત જ રિપોર્ટ કરશે:

પરંતુ આવા અધિકારીમંડળ અથવા અન્ય મંડળનો એવો અભિપ્રાય હોય કે મહાનિયામકે આવા પગલાં લેવા જોઇતા નહોતા, તો તે, આવી બાબત પૂછાણ માટે બોર્ડને મોકલી આપશે જે, મહાનિયામકે લીધેલાં પગલાંને બહાલી આપી શકશે અથવા તેને રદ કરી શકશે અથવા પોતે યોગ્ય ગણે તે રીતે તેમાં ફેરફાર કરી શકશે અને તેમ થયે, તે પગલાં અમલમાં હોતા બંધ થશે અથવા યથાપ્રસંગ, તેવા ફેરફાર કરેલા સ્વરૂપમાં તે પગલાં અમલમાં રહેશે. તેમ છતાં, એવો ફેરફાર થવાથી અથવા તે રદ થવાથી, મહાનિયામકના હુકમથી અથવા તે હેઠળ અગાઉ કરેલા કોઇપણ કાર્યની કાયદેસરતાને બાધ આવશે નહિ.

(૪) મહાનિયામકે પેટા-કલમ (૩) હેઠળની સત્તા વાપરવામાં કોઇ વ્યક્તિની નિમણૂકનો સમાવેશ થતો હોય, ત્યારે આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઇ અનુસાર આવી નિમણૂક મંજૂર કરવા માટે સત્તા આપેલા સક્ષમ અધિકારીમંડળે, મહાનિયામકના હુકમની તારીખથી છ મહિનાથી મોડું ન હોય તેટલા સમયની અંદર આવી નિમણૂકને બહાલી આપવી જોઇશે, અન્યથા આવી નિમણૂક, મહાનિયામકના હુકમની તારીખથી છ મહિનાની મુદત પૂરી થયે અમલમાં હોતી બંધ થશે.

૧૧. (૧) બોર્ડ, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી બોલીઓ અને શરતોએ રજિસ્ટ્રારની નિમણૂક કરશે. રજિસ્ટ્રાર.

(૨) રજિસ્ટ્રાર-

(ક) યુનિવર્સિટીના રેકર્ડ, સામાન્ય સીલ, ફંડ અને યુનિવર્સિટીની આવી બીજી મિલકતની કસ્ટડી માટે જવાબદાર રહેશે;

(ખ) કામકાજના સંચાલન માટે જરૂરી હોય તેવી તમામ માહિતી અને દસ્તાવેજો, યુનિવર્સિટીના બોર્ડ અને બીજા અધિકારીમંડળો સમક્ષ મૂકશે;

(ગ) પોતાના કાર્યો યોગ્ય રીતે બજાવવા માટે મહાનિયામકને જવાબદાર ગણાશે;

(ઘ) યુનિવર્સિટીના વહીવટ અને સેવાઓ માટે અને તેના માટે જરૂરી તમામ બીજી વ્યવસ્થાઓ કરશે અને તેની સાથે સંકળાયેલી તમામ કાર્યવાહીના અમલ માટે જવાબદાર રહેશે;

(ચ) યુનિવર્સિટી વતી તમામ દસ્તાવેજોને પ્રમાણિત કરશે અને તેનો અમલ કરશે;

(છ) યુનિવર્સિટી દ્વારા અથવા તેની વિરુદ્ધ કરવામાં આવેલા તમામ દાવા અને અન્ય કાનૂની કાર્યવાહીઓમાં, પ્લીડીંગ (દલીલ)ની ચકાસણી કરશે અને તેની ઉપર સહી કરશે અને આવા દાવા અને કાર્યવાહીની તમામ પ્રક્રિયા (પ્રોસેસ), રજિસ્ટ્રારને મોકલવામાં આવશે અને તેમની ઉપર બજાવવામાં આવશે; અને

(જ) આ અધિનિયમ, વિનિયમોથી અથવા તે હેઠળ તેમને સોંપવામાં આવે તેવી અથવા બોર્ડ અથવા મહાનિયામક દ્વારા તેમને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

નિયામકો (ડિરેકટર્સ).

૧૨. (૧) મહાનિયામક, બોર્ડની મંજૂરીથી, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી બોલીઓ અને શરતોએ યુનિવર્સિટીની સંસ્થાઓ અથવા કેન્દ્રોના નિયામકોની નિમણૂક કરશે.

(૨) નિયામકો, સંસ્થાઓ અથવા કેન્દ્રોના શૈક્ષણિક, વહીવટી અને અન્ય કામકાજનું સંચાલન કરવામાં મહાનિયામકને મદદ કરશે અને ઠરાવવામાં આવે તેવી અથવા મહાનિયામક તેમને સોંપે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો બજાવશે.

૧૩. (૧) મહાનિયામક, અધ્યક્ષની મંજૂરીથી, યુનિવર્સિટીના વિદ્યાશાખાના સભ્યોમાંથી યુનિવર્સિટીના ડીનની નિમણૂક કરશે. ડીન.

(૨) ડીન એ યુનિવર્સિટી, સંસ્થાઓ અને કેન્દ્રોના શૈક્ષણિક અને અન્ય કામકાજનું સંચાલન કરવામાં મહાનિયામક અને સંસ્થાઓ અથવા કેન્દ્રોના સંબંધિત નિયામકોને મદદ કરશે અને તેઓ, ઠરાવવામાં આવે તેવી અથવા મહાનિયામક તેમને સોંપે તેવી સત્તા વાપરશે અને તેવા કાર્યો બજાવશે.

૧૪. (૧) પરીક્ષા નિયંત્રક, યુનિવર્સિટીના પૂર્ણકાલીન પગારદાર અધિકારી ગણાશે અને બોર્ડ દ્વારા ઠરાવવામાં આવે તેવી બોલીઓ, શરતો અને મહેનતાણા પર નિમણૂક કરવામાં આવશે. પરીક્ષા નિયંત્રક.

(૨) યુનિવર્સિટી અને તેની ઘટક સંસ્થાઓ, જો કોઇ હોય તો, તેની વિવિધ પરીક્ષાઓ યોજવાની ફરજ પરીક્ષા નિયંત્રકની રહેશે.

(૩) પરીક્ષા નિયંત્રક, પરીક્ષાઓ યોજવા માટેના સત્તાધિકારી રહેશે અને તે પરિણામો સમયસર જાહેર થાય તે સુનિશ્ચિત કરશે.

(૪) પરીક્ષા નિયંત્રક, પદવીદાન સમારંભ બોલાવવા માટેના સત્તાધિકારી રહેશે.

૧૫. (૧) યુનિવર્સિટીના અધિકારીમંડળો નીચે પ્રમાણે રહેશે: યુનિવર્સિટીના અધિકારીમંડળો.

(ક) સંચાલક મંડળ;

(ખ) એકેડેમિક કાઉન્સિલ;

(ગ) કૌશલ્ય વિકાસ કાઉન્સિલ;

(ઘ) નાણા સમિતિ;

(ચ) વિનિયમોથી યુનિવર્સિટીના અધિકારીમંડળો તરીકે જાહેર કરવામાં આવે તેવા બીજા અધિકારીમંડળો.

(૨) બોર્ડ નીચેની બાબતો માટે, આ અધિનિયમ સાથે સુસંગત હોય તેવા વિનિયમો કરી શકશે, -

(ક) તેમની બેઠક ખાતે અનુસરવાની કાર્યરીતિ ઠરાવવી; અને

(ખ) વિનિયમો દ્વારા ઠરાવવાની આ અધિનિયમની તમામ બાબતો માટે જોગવાઇ કરવી.

(૩) બોર્ડ અધિકારીમંડળના સભ્યોને, બેઠકની તારીખ અને બેઠકમાં વિચારણા કરવા માટેની કાર્યસૂચિની નોટિસ આપવા અને બેઠકોની કાર્યવાહીનું રેકર્ડ રાખવા માટે વિનિયમો કરશે.

(૪) કૌશલ્ય વિકાસ કાઉન્સિલના માર્ગદર્શન હેઠળ, વિસ્તૃત કાર્યક્રમો, નીતિઓ અને નાણા-વ્યવસ્થા, વર્ષ દરમિયાન કરવામાં આવેલા અધિનિયમોના સુધારાની માહિતી ધરાવતા અહેવાલ હેઠળ, યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે અને તેને ઠરાવવામાં આવે તેવી તારીખે કે અથવા તે પછી, બોર્ડને રજૂ કરવો જોઇશે અને બોર્ડ, તેની વાર્ષિક બેઠક ખાતે અહેવાલ પર વિચારણા કરશે.

સંચાલક મંડળ.

૧૬. (૧) યુનિવર્સિટીનું સંચાલક મંડળ નીચેના સભ્યોનું બનશે:-

૧. હોદ્દાની રૂએ- કાયમી સભ્યો:

(ક) પ્રમુખ, જે બોર્ડના અધ્યક્ષ રહેશે;

(ખ) મહાનિયામક;

(ગ) ગુજરાત સરકારના સચિવ, શ્રમ અને રોજગાર વિભાગ;

(ઘ) ગુજરાત સરકારના સચિવ, શિક્ષણ વિભાગ;

(ચ) ગુજરાત સરકારના સચિવ, નાણા વિભાગ;

(છ) ગુજરાત સરકાર, ઉદ્યોગ અને ખાણ વિભાગના સચિવ;

(જ) નિયામક, રોજગાર અને તાલીમ અથવા મિશન નિયામક/ અધ્યક્ષ, ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન/ગુજરાત કૌશલ્ય વિકાસ કોર્પોરેશન;

(ઝ) બોર્ડ દ્વારા વારાફરતી નામનિયુક્ત કરવાના એક નિયામક;

(ટ) બોર્ડ દ્વારા વારાફરતી નામનિયુક્ત કરવાના એક ડીન;

(ઠ) ભારતીય કૌશલ્ય સંસ્થા - અમદાવાદના નિયામક;

(ડ) ભારતની ઉદ્યોગસાહસિકતા વિકાસ સંસ્થાના નિયામક - અમદાવાદ અથવા તેમના નામનિયુક્ત;

૨. બીજા સભ્યો:

(ક) બોર્ડે નામનિયુક્ત કરવાનો એક તજજ્ઞ શિક્ષણશાસ્ત્રી;

(ખ) બોર્ડે નામનિયુક્ત કરવાના કૌશલ્ય વિકાસના બે વ્યાવસાયિકો.

(ગ) ખાસ કરીને યુનિવર્સિટીના સહયોગથી શ્રેષ્ઠતાના કૌશલ્ય કેન્દ્રો ચલાવી રહ્યા હોય તેવા ઉદ્યોગમાંથી બે પ્રતિષ્ઠિત તજજ્ઞો.

(૨) રજિસ્ટ્રાર, બોર્ડના સેક્રેટરી રહેશે.

(૩) તમામ બેઠક ખાતે પચાસ ટકા સભ્યોથી કોરમ બનશે.

(૪) વર્ષમાં ઓછામાં ઓછા બે વખત બોર્ડની બેઠક મળશે. બોર્ડની વિશેષ બેઠક પ્રમુખ, મહાનિયામક દ્વારા અથવા તેના એક-તૃતીયાંશ સભ્યોની લેખિત વિનંતી પર કોઈપણ સમયે બોલાવી શકશે.

(૫) હોદ્દાની રૂએ હોય તેવા સભ્યો સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે અને હોદ્દાની રૂએ સભ્ય હોય તેવો કોઈ સભ્ય, પોતે જે હોદ્દાની રૂએ બોર્ડનો સભ્ય હોય તે હોદ્દો ધરાવતો હોય ત્યાં સુધી સભ્ય તરીકે ચાલુ રહેશે.

૧૭. (૧) અધ્યક્ષ, બોર્ડની બેઠકોમાં અને યુનિવર્સિટીના પદવીદાન સમારંભ ખાતે પ્રમુખ-સ્થાન લેશે. બોર્ડના અધ્યક્ષની સત્તા.

(૨) અધ્યક્ષ, આ અધિનિયમ અથવા વિનિયમોથી અથવા તે હેઠળ પોતાને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરશે અને તેવી બીજી ફરજો બજાવશે.

૧૮. (૧) આ અધિનિયમની જોગવાઇઓને અધીન રહીને, બોર્ડ, યુનિવર્સિટીના કામકાજની સામાન્ય દેખરેખ, માર્ગદર્શન અને નિયંત્રણ માટે જવાબદાર રહેશે તથા યુનિવર્સિટીની તમામ સત્તા વાપરશે અને તેને યુનિવર્સિટી દ્વારા રચવામાં આવેલી કૌશલ્ય વિકાસ કાઉન્સિલ અને નાણા સમિતિ તથા બીજી સમિતિઓ અથવા અધિકારી મંડળોના કાર્યોની સમીક્ષા કરવાની સત્તા રહેશે. બોર્ડની સત્તા અને કાર્યો.

(૨) પેટા-કલમ (૧)ની જોગવાઇઓને બાધ આવ્યા સિવાય, બોર્ડને નીચેની સત્તા અને કાર્યો રહેશે:-

(ક) યુનિવર્સિટીના વહીવટ અને કામગીરીને લગતી નીતિ અંગેની બાબત ઉપર નિર્ણય લેવો;

(ખ) યુનિવર્સિટી ખાતે અભ્યાસક્રમો શરૂ કરવા;

(ગ) વિનિયમો કરવા;

(ઘ) દરેક નાણાકીય વર્ષ માટેના વાર્ષિક અહેવાલ અને વાર્ષિક અંદાજપત્ર (બજેટ)ની વિચારણા કરીને, તે મંજૂર કરવા;

(ચ) યુનિવર્સિટીના નાણા અને ફંડનું રોકાણ કરવું તથા નાણા સમિતિની ભલામણ પર નિર્ણય લેવા;

(છ) તેમને યોગ્ય જણાય તે રીતે, અભ્યાસ, કરારો, પુસ્તકો, સામયિકો, અહેવાલો અને અન્ય સાહિત્ય માટે વખતોવખત નાણા-વ્યવસ્થા કરીને તેને પ્રકાશિત કરાવવા અને વેચવા અથવા વેચાણ માટે વ્યવસ્થા કરવી;

(જ) યુનિવર્સિટી દ્વારા અનુસરવામાં આવનારી નીતિઓ ઘડવી;

(ઝ) યુનિવર્સિટીના ઉદ્દેશોને અસરકારક રીતે હાથ ધરવા માટે, ઇચ્છનીય જણાય તેવા નિર્ણયો અને પગલાં લેવા;

(ટ) યુનિવર્સિટીના અધ્યાપકો અને અધિકારીઓ તથા કર્મચારીઓની જગાઓ ઊભી કરવી અથવા નાબૂદ કરવી;

(ઠ) આ અધિનિયમ હેઠળની પોતાની સત્તા વાપરવા અને ફરજો બજાવવા માટે તેને જરૂરી લાગે તેવી સમિતિઓ નીમવી;

(ડ) નિયામકો નીમવા;

(ઢ) યુનિવર્સિટીના મહાનિયામક, નિયામકો, ડીન, રજિસ્ટ્રાર અથવા બીજા કોઇ અધિકારીઓ, કર્મચારી અથવા અધિકારીમંડળને અથવા તેણે નીમેલી સમિતિને પોતાની કોઇ સત્તા સોંપવી; અને

(ત) આ અધિનિયમ અથવા વિનિયમોથી અથવા તે હેઠળ પોતાને મળેલી અથવા પોતાની પર લાદવામાં આવેલી તેવી બીજી સત્તા વાપરવી અને તેવા બીજા કાર્યો કરવા તથા યુનિવર્સિટીના ઉદ્દેશો સિદ્ધ કરવા માટે તેવી બીજી તમામ સત્તા વાપરવી;

(થ) યુનિવર્સિટીના મહાનિયામક અથવા બીજા કોઇ અધિકારી દ્વારા લેવામાં આવેલ કોઈ પગલા/નિર્ણયની સમીક્ષા માટે સમિતિની રચના કરવી અને તેના પર યોગ્ય નિર્ણય લેવો.

૧૯. (૧) આ કલમમાં અન્યથા જોગવાઈ કરેલી હોય તે સિવાય, બોર્ડના નામનિયુકત કરેલા સભ્યના હોદ્દાની મુદત, તેની નામનિયુક્તિની તારીખથી ત્રણ વર્ષની રહેશે. હોદ્દાની રૂએ હોય તેવો કોઇ સભ્ય, પોતે જે હોદ્દાની રૂએ બોર્ડનો સભ્ય હોય તે હોદ્દો ધરાવતો હોય ત્યાં સુધી (સભ્ય તરીકે) ચાલુ રહેશે; બોર્ડના સભ્યોના હોદ્દાની મુદત અને ખાલી જગાઓ.

(૨) આગામી પુનઃરચનાની પહેલા અથવા ઠરાવેલી મુદત પૂરી થાય તે પહેલાં બોર્ડમાં પડેલી કોઇ ખાલી જગા, કલમ ૧૬માં જોગવાઈ કરેલી રીતે જ ભરવામાં આવશે અને આવો સભ્ય પોતે જેની જગા પર નામનિયુક્ત થાય તે સભ્યની બાકીની મુદત સુધી હોદ્દો ધરાવશે.

(૩) કોઇ સભ્ય વધુ એક મુદત માટે પુનઃનામનિયુક્તિને પાત્ર રહેશે.

(૪) કોઇ સભ્ય પોતાની સહીથી લેખિતમાં, બોર્ડના અધ્યક્ષને સંબોધીને પોતાના હોદ્દા પરથી રાજીનામું આપી શકશે અને અધ્યક્ષ જે તારીખે તેનું રાજીનામું સ્વીકારે તે તારીખથી અમલમાં આવશે.

૨૦. (૧) આ અધિનિયમની જોગવાઈઓને અધીન રહીને, બોર્ડને, તેનામાં નિહિત થયેલ બીજી તમામ સત્તા ઉપરાંત, યુનિવર્સિટીના વહીવટ અને સંચાલનને લગતી બાબતો માટે જોગવાઈ કરવા વિનિયમો કરવાની સત્તા રહેશે. વિનિયમો કરવાની સત્તા.

(૨) ખાસ કરીને અને પૂર્વવર્તી સત્તાની વ્યાપકતાને બાધ આવ્યા સિવાય, એવા વિનિયમોથી, નીચેની તમામ અથવા તે પૈકીની કોઇપણ બાબત માટે જોગવાઈ કરી શકાશે:-

(ક) બોર્ડની પ્રથમ બેઠક સિવાય, યુનિવર્સિટીના અધિકારીમંડળોની બેઠકો બોલાવવા અને યોજવા બાબત, એવી બેઠકોમાં કોરમ અને કામકાજના સંચાલન બાબત;

(ખ) બોર્ડના પ્રમુખ અને અધ્યક્ષે વાપરવાની સત્તા અને બજાવવાના કાર્યો બાબત;

(ગ) યુનિવર્સિટીના અધિકારીમંડળો, મંડળો અને બીજી સમિતિઓની રચના, એવા અધિકારીમંડળોના સભ્યપદ માટેની લાયકાતો અને ગેરલાયકાતો, સભ્યપદના હોદ્દાની મુદત, તેના સભ્યોની નિમણૂક અને સભ્યપદેથી દૂર કરવા બાબત અને તેની સાથે સંકળાયેલ બીજી બાબતો;

(ઘ) કામકાજના સંચાલનમાં, સત્તા વાપરવામાં અને કાર્યો બજાવવામાં, આ અધિનિયમથી અથવા તે હેઠળ રચાયેલ બોર્ડે અને કોઇ સમિતિએ અથવા અન્ય મંડળે અનુસરવાની કાર્યરીતિ બાબત;

(ચ) અભ્યાસક્રમો શરૂ કરવામાં અને વિદ્યાર્થીઓનો પ્રવેશ આપવામાં અનુસરવાની કાર્યરીતિ અને માપદંડ બાબત;

(છ) યુનિવર્સિટીમાં શિસ્તનું પાલન કરાવવા માટે અનુસરવાની કાર્યરીતિ બાબત;

(જ) યુનિવર્સિટીની મિલકતોના સંચાલન બાબત;

(ઝ) યુનિવર્સિટી દ્વારા એનાયત કરવામાં અથવા આપવામાં આવે એવા ડિપ્લોમા, પદવીઓ, પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો અને ઇલકાબો બાબત અને આવી કોઇપણ પદવીઓ, ડિપ્લોમા, પ્રમાણપત્રો અને બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો અને ઇલકાબો પાછા ખેંચવા અથવા રદ કરવા અને તે અંગેની જરૂરિયાતો બાબત;

(ટ) પરીક્ષાઓના સંચાલન બાબત;

(ઠ) યુનિવર્સિટીના નિયામકો, પ્રાધ્યાપકો (પ્રોફેસર્સ), સહપ્રાધ્યાપકો, મદદનીશ પ્રાધ્યાપકો અથવા તેને સમકક્ષ શૈક્ષણિક હોદ્દા અથવા જગા, યુનિવર્સિટીના અધિકારીઓ અને કર્મચારીઓની જગા ઊભી કરવા બાબત અને તે માટે જરૂરી લાયકાતો સહિત એવી જગાઓ ઉપર વ્યક્તિઓની નિમણૂક કરવા બાબત;

(ડ) યુનિવર્સિટીએ પૂરા પાડેલ અભ્યાસક્રમો, તાલીમ, સવલતો અને સેવાઓ માટે તેને ચૂકવવાની ફી અને બીજા ચાર્જ બાબત;

(ઢ) યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓના લાભ માટે વીમો, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ અને એવી અન્ય યોજનાઓની રચના માટેની રીત અને શરતો બાબત;

(ત) બીજી સંસ્થાઓ સાથે યુનિવર્સિટીના જોડાણ માટેની બોલીઓ અને શરતો બાબત;

(થ) બજેટના અંદાજો તૈયાર કરવા અને હિસાબો નિભાવવા બાબત;

(દ) યુનિવર્સિટીએ અથવા યુનિવર્સિટી વતી કરેલ કરારો અથવા સમજૂતી કરવાની પદ્ધતિ બાબત;

(ધ) યુનિવર્સિટીના અધિકારીઓ, કર્મચારીઓ અને બીજા સ્ટાફની નિમણૂક માટે વર્ગીકરણ અને કાર્યરીતિ બાબત;

(ન) યુનિવર્સિટીના મહાનિયામક, નિયામકો, અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓની નિમણૂકની બોલીઓ અને શરતો તથા મુદત, પગાર અને ભથ્થાં, કરારગત સેવાઓ, શિસ્તના નિયમો અને સેવાની બીજી શરતો બાબત;

(પ) યુનિવર્સિટીના અધ્યાપકો/અધિકારીઓ અને કર્મચારીઓનું નિયમન કરતી પ્રતિનિયુક્તિની બોલીઓ અને શરતો બાબત;

(ફ) યુનિવર્સિટીના મહાનિયામક, નિયામકો અને બીજા અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓની સત્તા અને ફરજો બાબત;

(બ) ફેલોશિપ, છાત્રવૃત્તિ, સ્ટાપેન્ડ્સ, ચંદ્રકો અને પારિતોષિકોનું નિયમન કરતી બોલીઓ અને શરતો બાબત;

(ભ) બોર્ડના હુકમો અને નિર્ણયોના પ્રમાણીકરણ બાબત;

(મ) ફેકલ્ટિ (વિદ્યાશાખાના અધ્યાપકો), અધિકારીઓ અને કર્મચારીઓ માટે છાત્રાલયો અને નિવાસોના ઓરડા અને આવાસન અને અતિથિગૃહ અને તેમાં શિસ્તવિષયક નિયંત્રણ સહિતની તેને લગતી બાબતો અને આ અધિનિયમથી ઠરાવવાની હોય અથવા ઠરાવવામાં આવે તેવી તમામ બાબતો.

એકેડેમિક કાઉન્સિલ.

૨૧. (૧) યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલ નીચે પ્રમાણેના સભ્યોની બનશે:-

(ક) મહાનિયામક, જે એકેડેમિક કાઉન્સિલના અધ્યક્ષ રહેશે;

(ખ) બોર્ડે નામનિયુક્ત કરવાના બે શિક્ષણશાસ્ત્રીઓ અથવા વ્યાવસાયિકો;

(ગ) બોર્ડે નામનિયુક્ત કરવાના, કૌશલ્ય વિકાસના ક્ષેત્રોમાંના બે શિક્ષણશાસ્ત્રીઓ અથવા વ્યાવસાયિકો;

(ઘ) યુનિવર્સિટીની દરેક વિદ્યાશાખામાંથી, મહાનિયામકે વારાફરતી નામનિયુક્ત કરવાના એક પ્રાધ્યાપક.

(૨) રજિસ્ટ્રાર, કાઉન્સિલના સેક્રેટરી રહેશે.

(૩) હોદ્દાની રૂએ સભ્ય હોય તે સિવાયના સભ્યોના હોદ્દાની મુદત ત્રણ વર્ષની રહેશે.

એકેડેમિક કાઉન્સિલની સત્તા અને કાર્યો.

૨૨. આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઈઓને અધીન રહીને, યુનિવર્સિટીની એકેડેમિક કાઉન્સિલને નીચેની સત્તા રહેશે:-

(૧) યુનિવર્સિટીની શૈક્ષણિક નીતિઓ ઉપર નિયંત્રણ રાખવાની અને તે, યુનિવર્સિટીમાં પ્રશિક્ષણ, કૌશલ્ય વિકાસ અને મૂલ્યાંકનના ધોરણો જાળવવા અને તેની સુધારણા માટે જવાબદાર રહેશે;

(૨) આપમેળે અથવા યુનિવર્સિટીની વિદ્યાશાખા અથવા બોર્ડે પુછાણ માટે મોકલેલ સામાન્ય શૈક્ષણિક હિતની બાબતો પર વિચારણા કરવાની અને તેના પર યોગ્ય પગલા લેવાની;

(૩) વિદ્યાર્થીઓની શિસ્ત સહિત યુનિવર્સિટીની શૈક્ષણિક કામગીરીને લગતી આ અધિનિયમ સાથે સુસંગત હોય તેવી બાબતો અંગે બોર્ડને ભલામણ કરવાની; અને

(૪) વિનિયમોથી મળે તેવી બીજી સત્તા વાપરવાની અને તેવા બીજા કાર્યો કરવાની.

કૌશલ્ય વિકાસ કાઉન્સિલ.

૨૩. (૧) યુનિવર્સિટીની કૌશલ્ય વિકાસ કાઉન્સિલ, નીચે પ્રમાણેના સભ્યોની બનશે:-

૧. હોદ્દાની રૂએ સભ્યો:

(ક) મહાનિયામક, જે કૌશલ્ય વિકાસ કાઉન્સિલના અધ્યક્ષ રહેશે:

(ખ) ટેકનિકલ (તકનિકી) શિક્ષણ નિયામક, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અથવા તેમના નામ-નિયુક્ત;

(ગ) ગુજરાત કાઉન્સિલ ઓફ વોકેશનલ ટ્રેઇનિંગ, ગાંધીનગર-ના સભ્ય-સચિવ;

(ઘ) ઉદ્યોગ કમિશનર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, ગુજરાત સરકાર;

(ચ) મિશન ડિરેક્ટર (નિયામક), ગુજરાત કૌશલ્ય વિકાસ મિશન

૨. અન્ય સભ્યો:

(ક) સેક્ટર સ્કિલ કાઉન્સિલમાંથી ત્રણ પ્રતિનિધિ

(ખ) ગુજરાત ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝમાંથી એક પ્રતિનિધિ

(૨) રજિસ્ટ્રાર, કાઉન્સિલના સેક્રેટરી રહેશે.

(૩) પચાસ ટકા સભ્યોથી કોરમ બનશે.

(૪) કૌશલ્ય વિકાસ કાઉન્સિલ-એ વર્ષમાં ઓછામાં ઓછા બે વાર બેઠક યોજવી જોઈશે.

(૫) હોદ્દાની રૂએ હોય તેવા સભ્ય સિવાયના સભ્યોના હોદ્દાની મુદત બે વર્ષની રહેશે અને હોદ્દાની રૂએ હોય તેવો કોઈ સભ્ય, પોતે જે હોદ્દાની રૂએ આવો સભ્ય હોય તે હોદ્દો ધરાવતો હોય ત્યાં સુધી (સભ્ય તરીકે) ચાલુ રહેશે;

કૌશલ્ય વિકાસ કાઉન્સિલ -ની સત્તા અને કાર્યો.

૨૪. આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઈઓને અધીન રહીને, કૌશલ્ય વિકાસ કાઉન્સિલને નીચેની સત્તાઓ રહેશે:-

(૧) યુનિવર્સિટીની કૌશલ્ય અને શૈક્ષણિક નીતિઓ પર સામાન્ય દેખરેખ રાખશે અને કૌશલ્ય કોલેજો અને કૌશલ્ય સંસ્થાને પ્રશિક્ષણની પદ્ધતિઓ, સહકારી અધ્યાપન, કૌશલ્ય અને શૈક્ષણિક ધોરણોમાં સંશોધન અથવા સુધારણાના મૂલ્યાંકનને લગતા આદેશો આપવાની;

(૨) યુનિવર્સિટીની કૌશલ્ય તાલીમ અને શૈક્ષણિક કાર્યો, શિસ્ત, નિવાસ, પ્રવેશ, સમાનતા, હાજરીને લગતા કાર્યો સાથે સુસંગત હોય તેવા વિનિયમો ઘડવાની;

(૩) વિભાગો/વિદ્યાશાખાની ભલામણો પર વિવિધ કૌશલ્ય અભ્યાસક્રમો માટેના વિકાસ પાઠ્યક્રમો અને અભ્યાસક્રમો ઠરાવવાની;

(૪) આપમેળે અથવા નાણા સમિતિની ભલામણો આધારે આપવાના ફેલોશિપ, છાત્રવૃત્તિ, ચંદ્રકો અને પારિતોષિતોની સંખ્યા અને મૂલ્ય, કૌશલ્ય વિકાસ કાઉન્સિલે તેની નક્કી કરવી જોઇશે;

(૫) વિનિયમોથી મળે તેવી બીજી સત્તા વાપરવાની અને તેવા બીજા કાર્યો કરવાની.

નાણા સમિતિ.

૨૫. (૧) નાણા સમિતિ, નીચેના સભ્યોની બનશે :-

(ક) મહાનિયામક, જેઓ સમિતિના અધ્યક્ષ રહેશે;

(ખ) પ્રમુખે નામનિયુક્ત કરવાનો બોર્ડનો એક સભ્ય;

(ગ) મહાનિયામકે વારાફરતી નામનિયુકત કરવાના એક નિયામક;

(ઘ) બોર્ડે નામનિયુક્ત કરવાના નાણાકીય ક્ષેત્રમાંના એક તજજ્ઞ;

(ચ) નાણા વિભાગ, ગુજરાત સરકાર દ્વારા નામનિયુક્ત કરવાનો એક સભ્ય;

(૨) રજિસ્ટ્રાર, સમિતિના સેક્રેટરી રહેશે.

(૩) પચાસ ટકા સભ્યોથી કોરમ બનશે.

નાણા સમિતિની સત્તા અને કાર્યો.

૨૬. આ અધિનિયમની બીજી જોગવાઈઓને અધીન રહીને, નાણા સમિતિ, નીચેની સત્તા વાપરશે અને નીચેના કાર્યો બજાવશે:-

(૧) યુનિવર્સિટીના વાર્ષિક હિસાબ અને વાર્ષિક બજેટ અંદાજો ચકાસવા અને તે અંગે બોર્ડને સલાહ આપવી;

(૨) યુનિવર્સિટીની નાણાકીય સ્થિતિની વખતોવખત સમીક્ષા કરવી;

(૩) યુનિવર્સિટીની તમામ નાણાકીય નીતિવિષયક બાબતો અંગે બોર્ડને ભલામણો કરવી;

(૪) ફંડો ઊભા કરવા, આવકો અને ખર્ચનો સમાવેશ કરતી તમામ દરખાસ્તો પર બોર્ડને ભલામણો કરવી;

(૫) ફાજલ ફંડના રોકાણ માટે માર્ગદર્શિકાઓ પૂરી પાડવી;

(૬) જેના માટે બજેટમાં કોઇ જોગવાઇ કરેલી ન હોય તેવા ખર્ચ અથવા બજેટમાં જોગવાઇ કરેલી રકમથી વધારે ખર્ચ કરવા જરૂરી હોય તેવા ખર્ચનો સમાવેશ કરતી તમામ દરખાસ્તો અંગે બોર્ડને ભલામણો કરવી;

(૭) પગાર-ધોરણોમાં સુધારા, પગાર-ધોરણ ઊંચુ લાવવાને લગતી અને બોર્ડ સમક્ષ મૂકવામાં આવે તે પહેલાં બજેટમાં સમાવિષ્ટ કરેલી ન હોય તેવી બાબતોને લગતી તમામ દરખાસ્તો ચકાસવી; અને

(૮) વિનિયમોથી તેને સોંપવામાં આવે તેવી બીજી સત્તા વાપરવી અને તેના પર લાદવામાં આવે તેવા બીજા કાર્યો કરવા.

૨૭. (૧) યુનિવર્સિટીને તેનું પોતાનું ફંડ રહેશે, જે નીચેનાનું બનશે:- યુનિવર્સિટીનું ફંડ.

(ક) રાજ્ય સરકારે મંડળી મારફત અથવા સીધે સીધા પૂરા પાડેલાં નાણાં;

(ખ) યુનિવર્સિટીને મળેલી ફી અને બીજા ચાર્જ;

(ગ) અનુદાનો, લોન, બક્ષિસો, દાન, સખાવતો, વસિયતો અથવા તબદીલીઓથી યુનિવર્સિટીને મળેલા નાણાં; યુનિવર્સિટીના પુરસ્કૃત હોદ્દાઓ, અધ્યેતાવૃત્તિઓ (ફેલોશીપ્સ) અથવા આંતરમાળખાકીય સવલતોની સ્થાપના માટે, યુનિવર્સિટી અને ઉદ્યોગ વચ્ચે કરવામાં આવેલી સમજૂતી યાદી (મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડિંગ)ની જોગવાઇઓ અનુસાર સહયોગી ઉદ્યોગો તરફથી યુનિવર્સિટીને મળેલાં નાણાં; અને

(ઘ) બીજા કોઇ સ્રોતમાંથી યુનિવર્સિટીને મળેલાં નાણાં.

(૨) યુનિવર્સિટીનું તમામ ફંડ, નાણા સમિતિની ભલામણ ઉપરથી બોર્ડ નક્કી કરે તેવી બેન્કમાં જમા કરાવવું જોઇશે અથવા તેવી રીતે તેનું રોકાણ કરવું જોઇશે.

(3) યુનિવર્સિટીના ફંડનો ઉપયોગ, આ અધિનિયમથી અથવા તે હેઠળ તેની સત્તા વાપરતા અને તેના કાર્યો બજાવતા કરેલા ખર્ચ સહિત યુનિવર્સિટીના ખર્ચ માટે કરવો જોઇશે.

(૪) યુનિવર્સિટીનું કાયમી દેણગી ફંડ.- ગુજરાત કૌશલ્ય વિકાસ સોસાયટીએ, યુનિવર્સિટી હસ્તક, પાંચ કરોડ રૂપિયાની રકમ અથવા યુનિવર્સિટીના સંપૂર્ણ કામગીરી ખર્ચને પહોંચી વળવા માટે જરૂરી હોય તેટલી રકમ, એ બેમાંથી જે વધુ હોય તેટલી રકમના, કાયમી દેણગી ફંડના નામે ઓળખાતા ફંડને, કેન્દ્ર સરકારે અથવા રાજ્ય સરકારે બહાર પાડેલી અથવા તેણે બાંયધરી આપેલી હોય તેવી લાંબાગાળાના વ્યાજવાળી જામીનગીરીઓમાં પાંચ વર્ષની મુદત માટે મૂકવી જોઇશે. ગુજરાત કૌશલ્ય વિકાસ સોસાયટી તેની સાથે સંકળાયેલું હોતું બંધ થયે અને કાયમી દેણગી ફંડમાંથી પાંચ વર્ષની મુદત માટેના કામગીરી ખર્ચને પહોંચી વળ્યા પછી, તેની કોઇ વણવપરાયેલી સિલક (બેલેન્સ) હોય, તો તે, રાજ્ય સરકારની પૂર્વ-પરવાનગીથી ગુજરાત કૌશલ્ય વિકાસ સોસાયટીને પરત ચૂકવવી જોઇશે.

(૫) ગુજરાત કૌશલ્ય વિકાસ સોસાયટીએ યુનિવર્સિટીને ચુકવણી કરવા બાબત.- ગુજરાત સરકારે, ગુજરાત કૌશલ્ય વિકાસ સોસાયટી મારફત, આ અધિનિયમથી અથવા તે હેઠળ યુનિવર્સિટીની સત્તા વાપરવા અને તેના કાર્યો બજાવવા માટે જરૂરી જણાય તેટલી નાણાંની રકમો, તેવી રીતે વખતોવખત યુનિવર્સિટીને ચૂકવવી જોઇશે.

(૬) વચગાળાની જોગવાઇઓ.- આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, મહાનિયામક, પ્રમુખની પૂર્વમંજૂરીથી અને ફંડની ઉપલભ્યતાને અધીન રહીને, આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઇઓને અમલમાં લાવવાના હેતુ માટે, યુનિવર્સિટીનું તમામ અથવા તે પૈકીનું કોઇ કાર્ય બજાવી શકશે અને તે હેતુ માટે, આવું કોઇ અધિકારીમંડળ આ અધિનિયમ અને વિનિયમોની જોગવાઇઓ અનુસાર અસ્તિત્વમાં આવે નહિ ત્યાં સુધી, આ અધિનિયમ અને વિનિયમોથી અથવા તે હેઠળ જે કોઇ સત્તા અથવા કોઇ ફરજો યુનિવર્સિટીના અધિકારીમંડળે વાપરવાની હોય અથવા બજાવવાની હોય તેવી કોઇ સત્તા વાપરી શકશે અથવા કોઇપણ ફરજો બજાવી શકશે. ગુજરાત સરકાર, મહાનિયામકે લીધેલા એવા પગલાંની વખતોવખત સમીક્ષા કરી શકશે અને દેખરેખ નિયંત્રણ રાખી શકશે.

૨૮. (૧) યુનિવર્સિટીએ, યોગ્ય હિસાબો અને બીજા સંબંધિત રેકર્ડ નિભાવવા જોઇશે અને ઠરાવવામાં આવે તેવા નમૂનામાં અને તેવી રીતે, આવક અને ખર્ચ અને પાકા સરવૈયા સહિત હિસાબોનું વાર્ષિક પત્રક તૈયાર કરવું જોઇશે. હિસાબો અને ઓડિટ.

(૨) યુનિવર્સિટીએ, ઠરાવવામાં આવે તેવા તેના નાણાકીય, હિસાબી અને ઓડિટના કાર્યો બજાવવા માટે આંતરિક તપાસો અને સિલક-મેળ તેમજ નિયંત્રણ ની યોગ્ય પદ્ધતિ અપનાવવી જોઇશે.

સન ૧૯૪૯નો ૩૮મો. (૩) યુનિવર્સિટીના હિસાબોનું ઓડિટ, બોર્ડ નીમે તેવા, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અધિનિયમ, ૧૯૪૯માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની પેઢી હોય તેવા ઓડિટર પાસે દર વર્ષે કરાવવું જોઇશે.

(૪) એવી રીતે નીમાયેલી વ્યક્તિ અથવા પેઢી અથવા આ અર્થે અધિકૃત કરેલી બીજી કોઇપણ વ્યક્તિએ પ્રમાણિત કરેલા યુનિવર્સિટીના હિસાબો, તેની ઉપરના ઓડિટ અહેવાલ સાથે, બોર્ડ સમક્ષ મૂકવા જોઇશે અને બોર્ડ તેના સંબંધમાં પોતાને યોગ્ય લાગે તેવી સૂચનાઓ યુનિવર્સિટીને આપી શકશે અને યુનિવર્સિટીએ તેવી સૂચનાઓનું પાલન કરવું જોઇશે.

(૫) હિસાબોના તમામ ચોપડાનું સમવર્તી ઓડિટ સુનિશ્ચિત કરવા માટે, યુનિવર્સિટીના હિસાબોનું ઓડિટ, બોર્ડે નીમેલા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ અથવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સની પેઢી હોય તેવા આંતરિક ઓડિટર પાસે કરાવવું જોઇશે અને એવા મુદતી આંતરિક ઓડિટ અહેવાલો, સમીક્ષા માટે બોર્ડ સમક્ષ મૂકવા જોઇશે.

(૬) યુનિવર્સિટીએ, દરેક નાણાકીય વર્ષ માટે, બોર્ડ નિર્દિષ્ટ કરે તેવી વિગતો ધરાવતો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે અને ઠરાવવામાં આવે તે તારીખે અથવા તે પહેલાં બોર્ડ સમક્ષ તેને રજૂ કરવો જોઇશે. બોર્ડે આવા અહેવાલની વિચારણા કરવી જોઇશે અને તેના ઉપર ઠરાવો પસાર કરવા જોઇશે અને તેમ થયેથી, નાણા સમિતિએ, આવા ઠરાવ અનુસાર પગલાં લેવા જોઇશે. આવા ઠરાવો ઉપર નાણા સમિતિએ લીધેલા પગલાં અંગે અને કોઇ પગલું લેવામાં આવ્યું ન હોય, તો કોઇ પગલું ન લેવા માટેના કારણો બોર્ડને જણાવવાં જોઇશે.

(૭) વાર્ષિક અહેવાલની નકલ, તે અંગેના બોર્ડના ઠરાવ સાથે, રાજ્ય સરકારને રજૂ કરવી જોઇશે.

લિંગ, ધર્મ, વર્ગ, પંથ કે મંતવ્યના ભેદ વિના યુનિવર્સિટી બધાને માટે ખુલ્લી રહેશે.

૨૯. (૧) કોઇ વ્યક્તિને લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા રાજકીય કે અન્ય મંતવ્ય હોવાના એકમાત્ર કારણે જ યુનિવર્સિટીના કોઇ હોદ્દાથી અથવા તેના કોઇ અધિકારીમંડળો, મંડળો અથવા સમિતિઓના સભ્યપદથી અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનથી અથવા કોઇ અભ્યાસક્રમમાં પ્રવેશથી વંચિત રાખી શકાશે નહિ.

(૨) કોઇ વ્યક્તિને, યુનિવર્સિટીમાં અધ્યાપક અથવા વિદ્યાર્થી તરીકે દાખલ થવાનો અથવા કોઇ હોદ્દો અથવા જગા ધરાવવાનો અથવા કોઇ પદવી, ડિપ્લોમા અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાન માટે લાયકાત મેળવવાનો અથવા યુનિવર્સિટીનો કોઇ વિશેષાધિકાર ભોગવવાનો કે વાપરવાનો અથવા તેનો કોઇ લાભ મેળવવાનો હક તેને મળી શકે તે માટે, યુનિવર્સિટી લિંગ, જાતિ, પંથ, જ્ઞાતિ, વર્ગ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા રાજકીય વ્યવસાય અથવા બીજા કોઇ મંતવ્ય અંગેની કોઇ કસોટી રાખે, તો તે કાયદેસર ગણાશે નહિ.

અધ્યાપકોની નિમણૂક.

૩૦. (૧) બોર્ડે, અધ્યાપકીય અથવા બિન-અધ્યાપકીય જગાઓ પરની તમામ નિમણૂક, પસંદગી સમિતિની ભલામણોના આધારે કરવી જોઇશે.

(૨) નિયમિત નિમણૂક કરવાનું શક્ય અથવા ઇષ્ટ ન હોય, તો મહાનિયામક, પોતાને જરૂરી જણાય, ત્યારે છ મહિના કરતા વધુ નહિ તેટલી મુદત માટે, કાર્યકારી અથવા કામચલાઉ નિમણૂક કરી શકશે.

(૩) નિમણૂકની ખાસ રીત.- આ અધિનિયમમાં ગમે તે મજકૂર હોય તેમ છતાં, મહાનિયામક, પોતે યોગ્ય ગણે તેવી બોલીઓ અને શરતોએ, ઉચ્ચ શૈક્ષણિક વિશિષ્ટમાન અને વ્યાવસાયિક યોગ્યતાઓ ધરાવતી વ્યક્તિને, યુનિવર્સિટીમાં પ્રાધ્યાપકની જગા સ્વીકારવા માટે આમંત્રણ આપી શકશે અને તે વ્યક્તિ તેમ કરવા સંમત થયેથી, તેને/તેણીને તે જગા પર નીમી શકશે.

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ.

૩૧. (૧) યુનિવર્સિટીએ, બોર્ડની મંજૂરીથી, પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓના લાભ માટે, ઠરાવવામાં આવે તેવી રીતે અને તેવી શરતોને અધીન રહીને, પોતે યોગ્ય ગણે તેવી પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને વીમાની યોજનાઓ ઘડવી જોઇશે અને યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓના લાભાર્થે રચાતાં મંડળો, સંસ્થાઓ, ફંડ, ટ્રસ્ટની સ્થાપનામાં સહાય અને સમર્થન પણ આપવું જોઇશે.

(૨) એવા કોઇ પ્રોવિડન્ટ ફંડની રચના કરવામાં આવી હોય, ત્યારે પ્રોવિડન્ટ ફંડ અધિનિયમ, ૧૯૨૫-ની જોગવાઇઓ એવા ફંડને, જાણે કે તે સરકારી પ્રોવિડન્ટ ફંડ હોય તેમ લાગુ પડશે.

(૩) યુનિવર્સિટીએ, રાજ્ય સરકારની તરેહ (પદ્ધતિ) પ્રમાણે, પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓના લાભાર્થે ગ્રેચ્યુઇટી, રહેમરાહે અનુદાન (ex-gratia grant) વગેરેની જોગવાઇ કરવી જોઇશે.

૩૨. (૧) યુનિવર્સિટીમાં, કૌશલ્ય વિકાસ કાઉન્સિલની ભલામણોના આધારે અથવા અન્યથા, કૌશલ્ય વિકાસના ઊભરતા ક્ષેત્રોમાં બોર્ડ શરૂ કરે તેવી સંસ્થા/વિભાગો/વિદ્યાશાખાઓ/સ્કૂલ (શાળાઓ) રહેશે, એવી રીતે રચના કરવામાં આવેલી સંસ્થા/વિભાગો/વિદ્યાશાખાઓ/સ્કૂલ (શાળા)-એ, વિકસતા જતા અર્થતંત્ર મુજબની લાયકાત ધરાવતી કૌશલ્ય જરૂરિયાતોને પહોંચી વળવા અને કૌશલ્ય જરૂરિયાત પરિપૂર્ણ કરવા માટે ગુણવત્તાસભર કૌશલ્ય શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે સત્તા વાપરવી જોઇશે. યુનિવર્સિટીના વિભાગ/ વિદ્યાશાખા.

(૨) મહાનિયામકની ભલામણને આધારે, યુનિવર્સિટીની જુદી જુદી વિદ્યાશાખાઓમાં, કૌશલ્ય વિકાસ કાઉન્સિલે યોગ્ય રીતે ઊભા કરેલા યુનિવર્સિટીના અધ્યાપન વિભાગો રહેશે. યુનિવર્સિટી, આ વિભાગો/વિદ્યાશાખાઓ/સંસ્થાઓ/સ્કૂલ (શાળાઓ), તેના પોતાના ફંડમાંથી અથવા જાહેર ખાનગી ભાગીદારી (પબ્લિક પ્રાઇવેટ પાર્ટનરશીપ) (PPP)ના આધારે ઉભા કરી શકશે.

(૩) કૌશલ્ય વિકાસ કાઉન્સિલે, મહાનિયામકની ભલામણને આધારે, જુદી જુદી વિદ્યાશાખાઓને અભ્યાસક્રમનો વિભાગ સોંપવો જોઇશે.

(૪) વિદ્યાશાખામાં સમાવિષ્ટ કરેલા દરેક વિભાગને, પ્રમાણપત્ર/ડિપ્લોમા અભ્યાસ માટે એક અને પૂર્વસ્નાતક/અનુસ્નાતક અભ્યાસ અને સંશોધન માટે બીજી એમ બે અભ્યાસ-સમિતિઓ હોવી જોઈશે. અભ્યાસ-સમિતિની રચના, કૌશલ્ય વિકાસ કાઉન્સિલની ભલામણને આધારે કરવી જોઇશે.

૩૩. રાજ્ય સરકારને, આ અધિનિયમ, વિનિયમની અને તત્સમયે અમલમાં હોય તેવા બીજા કાયદા હેઠળની જોગવાઇઓના પાલન માટે વખતોવખત (યુનિવર્સિટીએ અનુસરવા) જરૂરી લાગે તેવા આદેશો આપવાની સત્તા રહેશે અને યુનિવર્સિટી આવા આદેશોનું પાલન કરવા બંધાયેલી રહેશે. આદેશો આપવાની રાજ્ય સરકારની સત્તા.

ક્ષતિપૂર્તિ. ૩૪. આ અધિનિયમ અથવા તે હેઠળ કરેલા કોઇ વિનિયમો અનુસાર, શુદ્ધબુદ્ધિથી કરેલા અથવા કરવાનું અભિપ્રેત હોય તેવા કોઇ કાર્યના સંબંધમાં, યુનિવર્સિટી, યુનિવર્સિટીના પ્રમુખ, મહાનિયામક, નિયામકો, અધિકારીમંડળો અથવા અધિકારીઓ અથવા કર્મચારીઓ અથવા અન્ય કોઇપણ વ્યક્તિ સામે કોઇ દાવો, ફોજદારી કામ અથવા બીજી કાનૂની કાર્યવાહી થઇ શકશે નહિ અને કોઇ નુકસાની બદલ યુનિવર્સિટી પાસેથી કોઇ દાવો કરી શકાશે નહિ.

મુશ્કેલીઓ દૂર કરવાની સત્તા. ૩૫. (૧) આ અધિનિયમની જોગવાઇઓનો અમલ કરવામાં કોઇ મુશ્કેલી ઊભી થાય, તો રાજ્ય સરકાર, રાજપત્રમાં હુકમ પ્રસિદ્ધ કરીને, મુશ્કેલીઓ દૂર કરવા માટે જરૂરી જણાય તેવી, આ અધિનિયમની જોગવાઇઓ સાથે અસંગત ન હોય તેવી જોગવાઇઓ કરી શકશે:

પરંતુ આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષ પૂરા થયા પછી, આ કલમ હેઠળ આવો કોઇ હુકમ કરી શકાશે નહિ.

(૨) આ કલમ હેઠળ કરવામાં આવેલો દરેક હુકમ, તે કરવામાં આવે તે પછી બનતી ત્વરાએ, રાજ્ય વિધાનમંડળ સમક્ષ મૂકવો જોઇશે.

## ઉદ્દેશો અને કારણો

કૌશલ્ય વિકાસ એ યુવાનોને સક્ષમ બનાવવા, તેમનું ભવિષ્ય સુરક્ષિત બનાવવા અને વ્યક્તિના સર્વાંગી વિકાસ માટેનું એક સ્થાયી સાધન છે અને તેનાથી રોજગારક્ષમતા અને શ્રમ ઉત્પાદકતામાં વધારો કરીને અને રાજ્યને વધુ સ્પર્ધાત્મક બનવામાં મદદ કરીને, માળખાકીય કાયાપલટ અને આર્થિક વિકાસમાં યોગદાન આપી શકશે.

ગુજરાત રાજ્ય ઔદ્યોગિક રીતે અગ્રેસર રાજ્ય પૈકીનું છે અને તેમાં કુશળ કર્મચારીગણની જરૂરીયાત રહે છે. રાજ્યના ઉદ્યોગોને કુશળ માનવબળ પૂરા પાડવા, કૌશલ્ય શિક્ષણ અને તાલીમ, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને સંકલિત રીતે ટેકનોલોજી આધારિત શિક્ષણને ૨૧મી સદીના કૌશલ્યની ઉણપને દૂર કરે એવી રીતે સુવિધા પૂરી પાડવા અને પ્રોત્સાહન આપવા માટે વિશ્વ કક્ષાની પ્રયોગાત્મક શિક્ષણ યુનિવર્સિટીની સ્થાપના કરવી અને સંસ્થાપિત કરવી, એ જરૂરી તેમજ લાભદાયક છે.

"સ્કિલિંગ ફોર ઓલ-ના હેતુ સાથે-"કૌશલ્યા" ધ સ્કિલ યુનિવર્સિટી", યુવાનોમાં કૌશલ્ય, પુનઃ કૌશલ્ય અને અધિક કૌશલ્ય અને કૌશલ્ય વિકાસ અને તાલીમમાં સંસ્થાકીય વિતરણ માળખું પૂરું પાડવા અને રાજ્યની પ્રાથમિક, દ્વિતીયક અને ટર્શરિ (તૃતીય) ઉદ્યોગના ઉભરતાં વિસ્તારોમાં જરૂરી સંશોધનની સુવિધા પૂરી પાડવા અને યુવાનોમાં સર્વાંગી કૌશલ્ય સ્તરને વધારવા જોગવાઈ કરે છે.

આ વિધેયકથી, ઉપર્યુક્ત ઉદ્દેશો સિદ્ધ કરવા ધાર્યું છે.

કલમો અંગેની નીચેની નોંધોથી વિધેયકની મહત્વની જોગવાઈઓ સંક્ષિપ્તમાં સમજાવી છે:-

કલમ ૧.- આ કલમથી, અધિનિયમની ટૂંકી સંજ્ઞા, વ્યાપ્તિ, લાગુ પડવા બાબત અને તેના આરંભ માટે જોગવાઈ કરી છે.

કલમ ૨.- આ કલમથી, વિધેયકમાં વાપરેલા અમુક શબ્દોની વ્યાખ્યા કરી છે.

કલમો ૩ થી ૬.- આ કલમોથી, "કૌશલ્યા" ધ સ્કિલ યુનિવર્સિટીની સ્થાપના અને સંસ્થાપન, યુનિવર્સિટીના મુખ્ય મથક, ઉદ્દેશો તથા તેની સત્તા અને તેના કાર્યો માટે જોગવાઇ કરી છે.

કલમો ૭ થી ૧૪.- આ કલમોથી, યુનિવર્સિટીના અધિકારીઓ જેમ કે પ્રમુખ, ડિરેક્ટર જનરલ (મહાનિયામક), ડીન, રજિસ્ટ્રાર, પરીક્ષા નિયંત્રક વગેરેની, નિમણૂકની બોલીઓ અને શરતો, તેમને વાપરવાની સત્તા અને તેમને બજાવવાની ફરજો માટે જોગવાઈ કરી છે.

કલમ ૧૫.- આ કલમથી, યુનિવર્સિટીના કયા અધિકારીમંડળો રહેશે તે માટેની જોગવાઈ કરી છે.

કલમ ૧૬ થી ૧૯.- આ કલમોથી, સંચાલક મંડળની રચના, બોર્ડ (મંડળ)ના અધ્યક્ષની સત્તા, બોર્ડના સભ્યોની હોદ્દાની મુદત અને ખાલી જગાઓ, સંચાલક મંડળની સત્તા અને ફરજો માટે જોગવાઈ કરી છે.

કલમ ૨૦.- આ કલમથી, મંડળની વિનિયમો કરવા માટેની સત્તાની જોગવાઈ કરી છે.

કલમો ૨૧ અને ૨૨.- આ કલમોથી, એકેડેમિક કાઉન્સિલની રચના અને તેમને વાપરવાની સત્તા અને કરવાના કાર્યો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૨૩ અને ૨૪.- આ કલમોથી, કૌશલ્ય વિકાસ કાઉન્સિલની રચના અને તેને વાપરવાની સત્તા અને કરવાના કાર્યો માટેની જોગવાઈ કરી છે.

કલમો ૨૫ અને ૨૬.- આ કલમોથી, નાણા સમિતિની રચના અને તેને વાપરવાની સત્તા અને બજાવવાના કાર્યો માટેની જોગવાઈ કરી છે.

કલમ ૨૭.- આ કલમથી, યુનિવર્સિટીના ફંડ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૮.- આ કલમથી, યુનિવર્સિટીના હિસાબો અને ઓડિટ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૨૯.- આ કલમથી, લિંગ, જાતિ, પંથ, વર્ગ, જ્ઞાતિ, જન્મસ્થળ, ધાર્મિક માન્યતા અથવા રાજકીય કે અન્ય મંતવ્યને ધ્યાને લીધા વિના યુનિવર્સિટી તમામ માટે ખુલ્લી રહેશે તેવી જોગવાઇ કરી છે.

કલમ ૩૦.- આ કલમથી, યુનિવર્સિટીના અધ્યાપકોની નિમણૂક માટેની જોગવાઇ કરી છે.

કલમ ૩૧.- આ કલમથી, યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓના પેન્શન, પ્રોવિડન્ટ ફંડ, વીમા અને અન્ય લાભો માટેની જોગવાઇ કરી છે.

કલમ ૩૨.-આ કલમથી, કૌશલ્ય વિકાસના ક્ષેત્રોના ઊભરતા વિસ્તારોમાં સંસ્થા/વિભાગો/ વિદ્યાશાખાઓ/સ્કૂલો માટેની જોગવાઇ કરી છે.

કલમ ૩૩.- આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમ, વિનિયમની અને તત્સમયે અમલમાં હોય તેવા બીજા કાયદા હેઠળની જોગવાઇઓના પાલન માટે (યુનિવર્સિટીએ અનુસરવાના) આદેશો

આપવાની સત્તા માટેની જોગવાઇ કરી છે અને યુનિવર્સિટી આવા આદેશોનું પાલન કરવા બંધાયેલી રહેશે.

કલમ ૩૪.- આ કલમથી, શુદ્ધબુદ્ધિથી કરેલા કાર્યો માટે સામાન્ય ક્ષતિપૂર્તિ માટેની જોગવાઇ કરી છે.

કલમ ૩૫.- આ કલમથી, રાજ્ય સરકારને, આ અધિનિયમના આરંભની તારીખથી બે વર્ષની અંદર, અધિનિયમની જોગવાઇઓના અમલ કરાવવામાં ઊભી થતી મુશ્કેલીઓ દૂર કરવા માટેની સત્તા મળે છે.

બ્રિજેશકુમાર મેરજા,

## નાણાકીય યાદી

આ વિધેયકની કલમ ૨૭ની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, યુનિવર્સિટીને ફાળો અને અનુદાન આપવાની સત્તા મળે છે, જે યુનિવર્સિટીના ફંડમાં જમા કરવામાં આવશે. આ હેતુ માટે યુનિવર્સિટીને પૂરા પાડવાના પ્રારંભિક અનુદાન તરીકે રાજ્ય અંદાજપત્ર ૨૦૨૧-૨૨-માં અનુદાન માટેની માંગણીમાં રૂપિયા એક કરોડનું વાર્ષિક અનુદાન મંજૂર કરવામાં આવ્યું છે. આ સંજોગોમાં, આ વિધેયકની કલમ ૨૭ અધિનિયમિત કરવામાં આવે અને અમલમાં લાવવામાં આવે, તો રાજ્યના એકત્રિત ફંડમાંથી, તેટલા પ્રમાણમાં આવર્તક અને અનાવર્તક પ્રકારનું ખર્ચ થશે.

બ્રિજેશકુમાર મેરજા,

# ધારાકીય સત્તા સોંપવાની યાદી

આ વિધેયકથી, નીચેની બાબતોના સંબંધમાં ધારાકીય સત્તાની સોંપણી માટે જોગવાઇ કરી છે:-

કલમ ૧.- આ કલમની પેટા-કલમ (૩)થી, રાજ્ય સરકારને, *રાજપત્ર*માં જાહેરનામાથી, અધિનિયમની બીજી જોગવાઇઓ જે તારીખે અમલમાં આવશે તે તારીખ નક્કી કરવાની સત્તા મળે છે.

કલમ ૫.- આ કલમના ખંડ (ન)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીના ઉદ્દેશોમાં નિર્દિષ્ટ કર્યા મુજબના ઉદ્દેશો સિવાયના ઉદ્દેશો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૬.- (૧) આ કલમના ખંડ (ઝ)થી, રાજ્ય સરકારને, વિનિયમોથી પાઠયક્રમો ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમના પેટા-ખંડ (ટ)થી, સંચાલક મંડળને, કોઇ પદવી, ડિપ્લોમા, પ્રમાણપત્રો અથવા બીજા શૈક્ષણિક વિશિષ્ટમાનો અથવા ઇલકાબ પાછા ખેંચવા અથવા રદ કરવા માટેની રીત, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૩) આ કલમના ખંડ (ઠ)થી, સંચાલક મંડળને, માનદ્ પદવીઓ અથવા અન્ય વિશિષ્ટમાનો એનાયત કરવાની રીત, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૪) આ કલમના ખંડ (ર)થી, સંચાલક મંડળને, નક્કી કરવાના, માંગવાના, મેળવવાના અથવા વસૂલ કરવાના ફી અને બીજા ખર્ચ, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૫) આ કલમના પેટા-ખંડ (કચ)થી, સંચાલક મંડળને, જે રીતે યુનિવર્સિટી તેના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપશે તે રીત, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૬) આ કલમના પેટા-ખંડ (કજ)થી, સંચાલક મંડળને, જે રીતે શિસ્તવિષયક પગલાં માટેની જોગવાઈ કરવામાં આવશે તે રીત, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

(૭) આ કલમના પેટા-ખંડ (કઝ)થી, સંચાલક મંડળને, પ્રાધ્યાપક (પ્રોફેસર), સહપ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક, એન્ડોવ્ડ પ્રાધ્યાપક, માનદ્ પ્રાધ્યાપક, સંલગ્ન પ્રાધ્યાપક અને બીજી કોઇ પણ અધ્યાપકીય, શૈક્ષણિક અથવા સંશોધનને લગતી જગાઓ માટેની લાયકાતો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે;

કલમ ૭.- આ કલમની પેટા-કલમ (જ)થી, સંચાલક મંડળને, આ કલમમાં નિર્દિષ્ટ કરેલી વ્યક્તિઓ સિવાયની વ્યક્તિઓને, વિનિયમોથી યુનિવર્સિટીના અધિકારીઓ તરીકે, જાહેર કરવાની સત્તા મળે છે.

કલમ ૯.- આ કલમની પેટા-કલમ (૭)થી, સંચાલક મંડળને, મહાનિયામકની સેવાની બીજી બોલીઓ અને શરતો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૧.- આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, જે રીતે અને જે બોલીઓ અને શરતોને અધીન રહીને, બોર્ડે રજિસ્ટ્રારની નિમણૂક કરવી જોઇશે તે રીત અને તે બોલીઓ અને શરતો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૨.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, જે રીતે અને જે બોલીઓ અને શરતોને અધીન રહીને, મહાનિયામકે યુનિવર્સિટીની સંસ્થાઓ અથવા કેન્દ્રોના નિયામકોની નિમણૂક કરવી જોઇશે તે રીત અને તે બોલીઓ અને શરતો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, નિયામકોએ વાપરવાની સત્તા અને કરવાના કાર્યો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૩.- આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, વિદ્યાશાખાના ડીને વાપરવાની સત્તા અને કરવાના કાર્યો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૧૪.- આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, જે રીતે અને જે બોલીઓ અને શરતોને અધીન રહીને, સંચાલક મંડળે યુનિવર્સિટીના પરીક્ષા નિયંત્રકની નિમણૂક કરવી જોઇશે તે રીત અને તે બોલીઓ અને શરતો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૪.- આ કલમની પેટા-કલમ (૩)થી, સંચાલક મંડળને, વિભાગો/વિદ્યાશાખાઓની ભલામણો પર વિવિધ કૌશલ્ય અભ્યાસક્રમો માટેના વિકસિત પાઠ્યક્રમો અને અભ્યાસક્રમો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૨૮.- (૧) આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીએ, જે નમૂનામાં અને જે રીતે યોગ્ય હિસાબો અને બીજા સંબંધિત રેકર્ડ નિભાવવા જોઇશે અને આવક અને ખર્ચ(ના હિસાબો) અને પાકા સરવૈયા સહિત હિસાબોનું વાર્ષિક પત્રક તૈયાર કરવું જોઇશે, તે નમૂનો અને રીત, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૨) આ કલમની પેટા-કલમ (૨)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીએ, જે નમૂનામાં અને જે રીતે તેના નાણાકીય, હિસાબી અને ઓડિટના કાર્યો બજાવવા માટે આંતરિક તપાસો અને સિલક-મેળ (નિયંત્રણ) તેમજ નિયમનની યોગ્ય પદ્ધતિ અપનાવવી જોઇશે, તે નમૂનો અને રીત, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

(૩) આ કલમની પેટા-કલમ (૬)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીએ જે તારીખે અને જે તારીખ પહેલાં દરેક નાણાકીય વર્ષ માટે, બોર્ડ નિર્દિષ્ટ કરે તેવી વિગતો ધરાવતો વાર્ષિક અહેવાલ તૈયાર કરવો જોઇશે અને તે બોર્ડને રજૂ કરવો જોઇશે તે તારીખ, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૧.- આ કલમની પેટા-કલમ (૧)થી, સંચાલક મંડળને, યુનિવર્સિટીએ, જે રીતે અને જે બોલીઓ અને શરતોને અધીન રહીને, બોર્ડની મંજૂરીથી પોતાના અધિકારીઓ, અધ્યાપકો અને અન્ય કર્મચારીઓના લાભ માટે, પોતે યોગ્ય ગણે તેવી પેન્શન, પ્રોવિડન્ટ ફંડ અને વીમાની યોજનાઓ ઘડવી જોઇશે અને મંડળો, સંસ્થાઓ, ફંડ, ટ્રસ્ટની સ્થાપનામાં અને યુનિવર્સિટીના અધિકારીઓ, અધ્યાપકો અને કર્મચારીઓના લાભાર્થે કરેલ દસ્તાવેજોમાં સહાય અને સમર્થન પણ આપવું જોઇશે તે રીત અને તે બોલીઓ અને શરતો, વિનિયમોથી ઠરાવવાની સત્તા મળે છે.

કલમ ૩૫.-	આ કલમની પેટા-કલમ (૧)થી, રાજ્ય સરકારને, બે વર્ષની મુદતની અંદર આ અધિનિયમની જોગવાઈઓનો અમલ કરવામાં, કોઈ મુશ્કેલી ઊભી થાય તો તે દૂર કરવા માટે, *રાજપત્ર*માં હુકમ પ્રસિદ્ધ કરવાની સત્તા મળે છે.

ઉપર્યુક્ત ધારાકીય સત્તાની સોંપણી આવશ્યક અને સામાન્ય પ્રકારની છે.

તારીખ: ૨૧મી સપ્ટેમ્બર, ૨૦૨૧ 	બ્રિજેશકુમાર

મેરજા.

ગુજરાત વિધાનસભા સચિવાલય

[સન ૨૦૨૧નું ગુજરાત વિધેયક ક્રમાંક: ૨૪.]

કૌશલ્ય, ઉદ્યોગસાહસિકતા વિકાસ અને કૌશલ્ય આધારિત શિક્ષણને સરળ બનાવવા અને પ્રોત્સાહન આપવા, ગુજરાત રાજ્યમાં કૌશલ્ય યુનિવર્સિટી સ્થાપવા અને સંસ્થાપિત કરવા અને તેની સાથે સંકળાયેલી અથવા તેને આનુષંગિક બાબતો માટેનું વિધેયક.

[શ્રી બ્રિજેશકુમાર મેરજા,

શ્રમ અને રોજગાર મંત્રીશ્રી.]

(સન ૨૦૨૧ના સપ્ટેમ્બર મહિનાની ૨૨મી તારીખે ગુજરાત સરકારી રાજપત્રમાં પ્રસિદ્ધ કર્યા મુજબ)

ડી. એમ. પટેલ,
સચિવ,
ગુજરાત વિધાનસભા.